[redacted]-h IL

# પુષ્ટિમાર્ગીય ઉદ્‌બોધ.

## ( ભાગ ૧ લો. )

અથ શ્રીગોવર્દ્ધનવાસી સાખી સહિતની
ટીકા લખી છે.

( સાખી. )

ચલો સખી જહાં જાઇએં જહાં બસે વ્રજરાજ,
ગોરસ બેંચત હરિ મિલે એક પંથ દો કાજ. ૧

( સાખી. )

રાગનકો પતિ કાનરો ધરતીકો પતિ ઈંદ્ર,
તારાનકો પતિ ચંદ્રમાં ગોપિન પતિ ગોવિંદ. ૨

( સાખી. )

અવની રવની શ્રીમધુપુરી શ્રીયમુને તાપર કેશ,
શ્રીગોવર્દ્ધન જાકો ભાલ હે તાકો તિલક શ્રીવિઠ્ઠલેશ. ૩

( સાખી. )

સ્યામ વરણ શ્રીગિરિવરધરણ ગોપીજન ચિતચોર,
શ્રીવ્રજરાજ કુંવર જ્યમે બસે સો નાગર નંદકિશોર. ૪

### ( સાખી. )

બંક સપ્ત રસ દૃષ્ટિ હે દરસન મન અભિલાખ,
પૂરણ લોક મન્મથ રટન સો કુંજભવન યુગવાસ. ૫

### ( ચાલ. )

શ્રીગોવર્દ્ધનવાસી સાંવરે લાલ તુમ બિન રહ્યો ન જાય હો,
શ્રીવ્રજરાજ લડેતે લાડિલે. ૬

### ( સાખી. )

બંક બેન હસિકે કહો નીકે વદન દિખાય,
નયનન આરતિ હોય રહી સો યુગ સમાન પલ જાય. ૭

### ( ચાલ. )

બંક ચિતે મુસિકાયકે લાલ સુંદર વદન દિખાય.
લોચન તલપે મીન જ્યોં લાલ છિનુ છિનુ કલ્પ બિહાય હો. ૮

### ( સાખી. )

મુરલી મધુર બજાવહીં સપ્ત સુરન કલઘોર,
ચિતમેં યહ ધુની ચુભિ રહી સો નાગર નંદકિશોર. ૯

### ( ચાલ. )

સપ્ત સ્વરન બંધાનસોં લાલ મોહન વેણું બજાય,
સુરત સુહાઈ બાંધકે નેક મધુરે મધુરે ગાય હો. ૧૦

### ( સાખી. )

બોલત રસ ભરે બેનહીં ગિરિ ચઢિ દીની ટેર,
ધોરી ધુમરિ ગાંગ બુલાઇ ટેરત વદન જોફેર. ૧૧

### ( ચાલ. )

રસિક રસીલી બોલની લાલ ગિરિ ચઢિ ગૈયાં બુલાય,
ગાંગ બુલાઇ ધૂમરિ નેક ઉંચી ટેર સુનાય હો. ૧૨

**( સાખી. )**

બંક સપ્ત રસ દૃષ્ટિ હે દરસન મન અભિલાખ,
પૂરણ લોક મન્મથ રટન સો કુંજભવન યુગવાસ. ૫

**( ચાલ. )**

શ્રીગોવર્દ્ધનવાસી સાંવરે લાલ તુમ બિન રહ્યો ન જાય હો,
શ્રીવ્રજરાજ લડેતે લાડિલે. ૬

**( સાખી. )**

બંકુ એન હસિકે કહો નીકે વદન દિખાય,
નયનન આરતિ હોય રહી સો યુગ સમાન પલ જાય. ૭

**( ચાલ. )**

બંક ચિતે મુસિકાયકે લાલ સુંદર વદન દિખાય.
લોચન તલપે મીન જ્યોં લાલ છિનુ છિનુ કલ્પ બિહાય હો. ૮

**( સાખી. )**

મુરલી મધુર બજાવહીં સપ્ત સુરન કલઘોર,
ચિતમેં યહ ધુની ચુભિ રહી સો નાગર નંદકિશોર. ૯

**( ચાલ. )**

સપ્ત સ્વરન બંધાનસોં લાલ મોહન વેણું બજાય,
સુરત સુહાઈ બાંધકે નેક મધુરે મધુરે ગાય હો. ૧૦

**( સાખી, )**

બોલત રસ ભરે બેનહીં ગિરિ ચઢિ દીની ટેર,
ધોરી ધુમરિ ગાંગ બુલાઇ ટેરત વદન જોફેર. ૧૧

**( ચાલ. )**

રસિક રસીલી બોલની લાલ ગિરિ ચઢિ ગૈયાં બુલાય,
ગાંગ બુલાઇ ધૂમરિ નેક ઉંચી ટેર સુનાય હો. ૧૨

### ( સાખી. )

જા દિનતેં દેખે દ્રગન અરૂચિ ભયો સંસાર,
નીંદ ન આવે રૈન દિન સો ભૂલી આરઅહાર. ૧૩

### ( ચાલ. )

દ્રષ્ટિ પરી જા દિવસતેં લાલ તબતેં રૂચે ન આન,
રજની નીંદ ન આવહીં મોહિ બિસર્યો ભોજન પાન હો. ૧૪

### ( સાખી. )

દર્શનકોં અખિયાં તપે લાલ શ્રવણ તપે નિજ બેન,
મિલવેકું હિયરા તપે જીયમે બહુત પ્રસન ૧૫

### ( ચાલ. )

દર્શનકોં નયના તપે લાલ બચન સુનનકોં કાન,
મિલવેકું હિયરા તપે મેરે જીયકે જીવન પ્રાણ હો. ૧૬

### ( સાખી. )

ચાતક સ્વાતિ વિલાસ હેં લોચન નિમિષ યુગ જાય,
દેખોં દ્રષ્ટિન ચાહસોં સો સુંદર નટવરરાય. ૧૭

### ( ચાલ. )

મન અભિલાખા હોય રહી લાલ લાગત નયન નિમેષ,
એક ટક દેખું ભાવતો પ્યારો નાગર નટવર ભેખ હો. ૧૮

### ( સાખી. )

નિરખોં વદન જ્યોં શરદ શશી મન અટક્યો યાહી ઓર,
અમૃત રસકે પાનકોં સો કુમુદિની ઓર ચકોર. ૧૯

### ( ચાલ. )

પૂરણ શશી મુખ દેખકેં લાલ ચિત ચોટ્યો યાહી ઓર
રૂપ સુધારસ પાન કે લાલ સાદર ચંદ ચકોર. ૨૦

### ( સાખી. )

તજી વિવેક લજ્જા તજેં સજન કુટુંબ સંસાર,
શોભિત રવીસે દેખિકેં સો પ્રીતી અધિક અપાર. ૨૧

### ( ચાલ. )

લોકલાજ કુલ વેદકી લાલ છાંડયો સકલ વિવેક,
કમલ કલી રવી જ્યોં બઢે સો ક્ષણ ક્ષણ પ્રીતી વિશેષ હો. ૨૨

### ( સાખી. )

કોટિ કામ બલિહારહીં નિરખત ગજગતિ ચાલ,
વ્રજયુવતીનકે નેહકોં સો નયન કમલ વિશાલ. ૨૩

### ( ચાલ. )

મનમથ કોટિક વારણે લાલ નિરખી ડગમગી ચાલ,
યુવતી જન મન ફંદના લાલ અંબુજ નયન વિશાલ. ૨૪

### ( સાખી. )

મોર પપૈયા ચાતકી રટત જલદ જ્યોં નેહ,
નાગર નંદ કિશોર બિન કઠિન ધામ ઓર ગેહ. ૨૫

### ( ચાલ. )

યહ દટ લાગી લાડિલે લાલ જેસેં ચાતક મોર,
પ્રેમ નીર બરખાઇયેં પિય નવઘન નંદકિશોર. ૨૬

### ( સાખી. )

સઘન કુંજ નિત બિલસહીં યહ સુખ અધિક અપાર,
હમ શ્રી વૃંદાવન વેલી ભઈ તુમ મધુપ કરો ગુંજાર. ૨૭

### ( ચાલ. )

કુંજભવન ક્રીડા કરો લાલ સુખનીધી મદનગોપાળ,
હમ શ્રી વૃંદાવન માલતી તુમ ભોગી ભમર ભૂપાલ. ૨૮

### ( સાખી. )

સદા સર્વદા યુગનમેં પ્રભુ રાખો ચરણ નિવાસ,
હરિદાસ વ્રજ પાહુનો સો દાસ ચતુર્ભુજ પાસ. ૨૯

### ( ચાલ. )

યુગ યુગ અવિચલ રાખિયેં લાલ યહ સુખ શૈલ નિવાસ,
શ્રીગોવર્દ્ધનધર રૂપપેં બલિહારી ચતુર્ભુજદાસ. ૩૦

### ( સાખી. )

યહ મેરી અભિલાખ હેં પૂરો શ્રીનંદકુમાર,
છબિપર કોટિક વારણેં સો તન મન પ્રાણ આધાર. ૩૧

### ( સાખી. )

કહા કહું રસના એક હેં ભઈ ન લક્ષ કિરોર,
કેસેં કરિકેં વરન હોં સો દાસ સદા કર જોડ. ૩૨

### ( સાખી. )

અબતો જીય અકુલાત હેં દરસન દેહો પિય મોહિ,
ખેંચો ડોરી પ્રેમકી સો તબહીં મિલનો હોય. ૩૩

### ( સાખી. )

પંડરપુર હરિ રાજહીં બચન શ્રીવલ્લભ હાથ,
શ્રીગોકુલમેં પ્રકટ ભયે નામ શ્રીવિઠ્ઠલનાથ. ૩૪

### ( સાખી. )

શિર ટોપી કટિ કાછની અંગ અબિર કટિ હાથ,
યહ બાનક મેરે મન બસો સદા શ્રી વિઠ્ઠલનાથ. ૩૫

### ( સાખી. )

ધ્યાન શ્રીવિઠ્ઠલનાથકો સદા રહો મમ ચિત્ત;
ઠાડે રાજત ઈંટપેં સો ભેટત અપને મીત. ૩૬

**સંપૂર્ણ,**

ચલો સખી જહાં જાઇયે જહાં બસે વ્રજરાજ,
ગોરસ બેંચત હરિ મિલે એક પંથ દો કાજ. ૧

**અર્થ**:—એક વ્રજભક્ત બીજા વ્રજભક્તો પ્રતિ કહે છે જે આપણને ગોરસ વેચવા જવું છે માટે જ્યાં વ્રજના રાજા એવા પ્રભુ વસે છે ત્યાં જૈયે તો ગોરસ પણ વેચાશે અને પ્રભુ પણ મળશે. પંથ તો એકજ થાશે અને કાર્ય બે થાશે. શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલા ભક્તિવર્દ્ધિની ગ્રંથમાં પ્રભુની સેવા બે પ્રકારથી કરવાની આજ્ઞા આપશ્રીયે કરી છે. તેમાં પહેલી અવ્યાવૃત પક્ષની સેવા તે ઉત્તમ પ્રકારની. તે તો કોઈ વિરલાથીજ બની શકે અને બીજી વ્યાવૃત્તિયુક્ત તે પણ કેવી રીતે કે વ્યાવૃત્તિ કરતાં પણ ચિત્ત પ્રભુમાં રહ્યું આવે તેવા પ્રકારની વ્યાવૃત્તિ કરવી. તો ગોપીજનની એ રીતી પ્રથમથી છે જે ગોરસ વેચવાની વ્યાવૃતિ કરતાં પણ ચિત્ત પ્રભુમાંજ રહ્યું આવતું તેથી કહ્યું જે વ્રજના રાજા એવા પ્રભુ વસે છે ત્યાં ગોરસ વેચવા જૈયે તો સેવાની રીતી અને પ્રભુને વિષે પ્રીતી ગોપીજનોનીજ આ પુષ્ટિભક્તિ માર્ગને વિષે શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરી છે તે વિષે કહેલ છે કે ( સેવા રીતી પ્રીતી વ્રજજનકી જનહિત જગ પ્રકટાઈ ) ગોપીજનો વ્યાવૃત્તિ કરતાં પણ ચિત્ત પ્રભુમાં રહ્યું આવતું તેનો પુરાવો ઉપલી સાખીમાં છે તે ઉપરથી શરણસ્થ જીવોએ પણ પ્રભુમાં ચિત્ત રહ્યું આવે તેવા પ્રકારની વ્યાવૃત્તિ કરવી.

### ( સાખી. )

રાગનકો પતિ કાનરો ધરતીકો પતિ ઇંદ્ર,
તારાનકો પતિ ચંદ્રમા ગોપીપતિ ગોવિંદ. ૨

**અર્થ**:—બધા મલીને રાગ ૬ છે. અકુકા રાગની પાંચ પાંચ રાગણીઓ, આઠ આઠ પુત્રો, આઠ આઠ પુત્ર વધુઓ એ રીતે રાગનો

પરિવાર છે. તેમાં કાનરો રાગ શ્રી સ્વામીનીજીને બહુ પ્રિય છે. તેમના મુખથી ગવાયેલ છે તેથી અને એકાનરા રાગમાંથી વાગેશ્વરી, સયાનો, રાયસો, નાયકી, અડાણો, સૂહો, દરબારી કોશી એ બધા રાગોની ઉત્પત્તિ થઈ છે તેથી કાનરા રાગને રાગોનો પતિ કહ્યો. વળી બીજો પણ એ અર્થ થાય છે જે તમામ રાગોની ઉત્પત્તિ પ્રભુથી થઈ છે અને કાનર એવું પ્રભુનું નામ છે તેથી પોતેજ એ રાગોના પતી છે એવું પણ સૂચન થાય છે. ધરતીનો પતિ ઇંદ્ર કહ્યો કારણ કે જળ વૃષ્ટિ કરીને પૃથ્વીને રસવાળી કરે છે, તેથી ઇંદ્રને ધરતીનો પતી કહ્યો અને આકાશમાં તારાગણ છે તેનો પતિ ચંદ્રમા છે અને ગોપીજનનાં પતિ ગોવિંદ છે.

## (સાખી.)

અવની રવની શ્રીમધુપુરી શ્રી યમુનેતાપર કેશ,
શ્રીગોવર્ધન જાકો ભાલ હે, તાકો તિલક શ્રીવિઠ્ઠલેશ. ૩

**અર્થઃ**—પૃથ્વી માથે અસુરોનો ભાર ઘણો થયો તે જ્યારે પૃથ્વી સહી ન શકી ત્યારે ગાયનું સ્વરૂપ ધારણ કરી પૃથ્વી દેવતાઓ પાસે જઈ એણે પોતાના દુઃખનો પોકાર કર્યો ત્યારે દેવતાઓએ કહ્યું જે એ તારૂં દુઃખ પ્રભુ વિના કોઈથી દુર નહિ થઈ શકે ત્યારે પૃથ્વી દેવતાઓને સાથે લઈ ક્ષીર સાગરને કાંઠે જઈ પ્રભુની આગળ પોતાનું દુઃખ વિદિત કરી તેમાંથી રક્ષણ કરવા વીનંતી કરી ત્યારે વ્યુહાત્મક પ્રભુએ આકાશવાણી દ્વારા આજ્ઞા કરી કે અમે અવતાર ધારણ કરી તારા એ દુઃખને દૂર કરશું. તે આજ્ઞાને અનુસાર વ્યૂહાત્મક પ્રભુ મથુરામાં વસુદેવ દેવકીને ત્યાં કારાગ્રહમાં પ્રકટ થયા તેથી મથુરા કે'તાં મધુપુરીની ભૂમી રમણીક કહી તેમજ એ વ્રજભૂમિ સ્વરૂપાત્મક પણ છે. શ્રીયમુનાજલને એ સ્વરૂપાત્મક વ્રજભૂમિના કેશની ઉપમા આપી છે અને ગોવર્ધન પર્વત કહેતાં શ્રીગિરિરાજજીને એ સ્વરૂપાત્મક

વ્રજ ભૂમિના ભાલની ઉપમા આપી છે તો ભાલ સૂનું ન હોવું જોઇએ. ભાલ માથે તિલક જોઇએ તો એ સ્વરૂપાત્મક વ્રજભૂમીના તિલકની ઉપમા શ્રીવિઠ્ઠલનાથજી કેતાં શ્રીગુસાંઇજીને આપી છે કારણ કે વ્રજભૂમી શ્રીગિરિરાજજી શ્રીયમુનાજી એ બધાના સ્વરૂપને એમણે જણાવ્યાં ત્યારેજ આપણે જાણી શક્યા. નહિ તો ક્યાંથી જાણત ? તેથી શ્રીગુસાંઇજીને એ સ્વરૂપાત્મક વ્રજભૂમિના તિલકની ઉપમા આપી છે. બીજો અર્થ એ છે જે શ્રીગુસાંઇજી સાક્ષાત્ પુર્ણ પુરૂષોત્તમ હોવાથી એ સ્વરૂપાત્મક વ્રજભૂમિમા તિલકરૂપ આપજ છે માટે એમને તિલકની ઉપમા આપી છે તે યુક્ત છે.

### ( સાખી. )

શ્યામવરણ શ્રીગિરિવરધરણ ગોપીજન ચિતચોર,
શ્રીવ્રજરાજ કુંવરજીયમેં બસે સો નાગર નંદકિશોર. ૪

**અર્થ**:—ગીરી કેતાં પર્વતોમાં શ્રેષ્ઠ એવા, શ્રીગોવર્ધન પર્વત ધારણ કરવાવાળા હે શ્રીનાથજી આપનું શ્રીઅંગ શામળું છે અને આપ શ્રીગોપીજનના ચિત્તને ચોરવાવાળા છો અને વ્રજના રાજા એવા નંદરાયના કુંવર છો, ને નાગર છો તેમ નંદકિશોર છો તે મારા હૃદયમાં વસો એમ આ કીર્તનનું ગાન કરનાર અષ્ટ સખામાં ચતુર્ભુજદાસજી છે તેઓ કહે છે,

### ( સાખી. )

બંક સપ્ત રસ દૃષ્ટિ હે દરસન મન અભિલાખ,
પૂરણ લોક મન્મથરટન સો કુંજ ભવન યુગ વાસ, ૫

આ સાખી શ્રીગોવર્ધનવાસીના સાખી સિવાય બાર ચરણ છે. તેનાં સૂચનને માટે કરેલી છે તે એવી રીતે કે એ સાખીમાં પ્રથમ શબ્દ (બંક) છે તેણે કરીને શ્રીગોવર્દ્ધન વાસીના પ્રથમ ચરણ (બંક

ચિતે મુસિકાયકે લાલ સુંદર વદન દિખાય) એનું સૂચન કરેલું છે. બીજો શબ્દ (સપ્ત) છે. તેણે કરીને બીજા ચરણ (સપ્ત સ્વરન બંધાનસો લાલ) એનું સૂચન કર્યું છે. ત્રીજો શબ્દ (રસ) છે. તેણે કરીને ત્રીજા ચરણ (રસીક રસીલી બોલની લાલ) એનું સૂચન કર્યું છે. ચોથો શબ્દ (દૃષ્ટી) છે. તેણે કરીને ચોથા ચરણ (દૃષ્ટિ પરી જા દિવસેં તે લાલ) એનું સૂચન કર્યું છે. પાંચમો શબ્દ (દર્શન) છે, તેણે કરીને પાંચમા ચરણ (દર્શન કો નયના તપે લાલ) એનું સૂચન કર્યું છે. છઠો શબ્દ (મન અભિલાખ) છે. તેણે કરીને છઠ્ઠા ચરણ (મન અભિલાખા હોય રહી) એનું સૂચન કર્યું છે. સાતમો શબ્દ (પુરણ) છે. તેણે કરીને સાતમા ચરણ ( પૂરણ શશી મુખ દેખકેં લાલ ) એનું સૂચન કર્યું છે. આઠમો શબ્દ (લોક) છે તેણે કરીને આઠમા ચરણ (લોક લાજ કુલ વેદકી લાલ) એનું સૂચન કર્યું છે. નવમો શબ્દ (મન્મથ) છે. તેણે કરીને નવમા ચરણ મનમથ કોટિક વારણે લાલ એનું સુચન કર્યું છે. દશમો શબ્દ (રટન) છે. તેણે કરીને દશમા ચરણ (યહ રટ લાગી લાડિલે લાલ) એનું સૂચન કર્યું છે. અગ્યારમો શબ્દ ( કુંજ ભવન ) છે તેણે કરીને અગ્યારમા ચરણ (કુંજ ભવન ક્રીડા કરો લાલ) એનું સૂચન કર્યું છે. બારમો શબ્દ (યુગ) છે. તેણે કરીને બારમા ચરણ (યુગયુગ અવિચલ રાખીયેં લાલ) એનું સૂચન કર્યું છે. એવી રીતે આ સાખી શ્રીગોવર્ધન વાસીનાં બારે ચરણનાં સૂચનને અર્થે કરેલી છે છતાં તેમાં અર્થ પણ સમાયલો છે. તે અર્થ—હે પ્રભુ આપની દૃષ્ટિ વાંકી સાત પ્રકારના રસથી ભરેલી છે એવા શ્રીનાથજી આપના દર્શનની મનમાં ઘણી અભિલાષા છે અને પુર્ણ કેતાં બધા મળીને ૧૪ લોક છે. સાત ઉર્ધ્વ લોક, સાત અધો લોકના આપ મન્મથ કેતાં અલૌકિક કામદેવ રૂપ છો, તેથી રટન કરવા યોગ્ય છો અને યુગ કેતાં યુગલ સ્વરૂપ સ્વામિનીજી સાહેત આંપનું વસવુ કુંજભવનને વિષે છે.

## ( ચાલ. )

શ્રીગોવર્ધન વાસી સાંવરેલાલ તુમ બિન રહ્યો નં જાય હો,
શ્રીવ્રજરાજ લડેતે લાડિલે. ૬

**અર્થ:**—આ શ્રીગોવર્ધનવાસી અષ્ટ સખામાં ચતુર્ભુજદાસની ગાયેલી છે. તેઓ કહે છે જે હે શ્રી ગિરિગોવર્ધનને વિષે વસવાવાળા સાંવરા એવા શ્રીનાથજી અથવા વ્રજના રાજા એવા નંદરાયજીએ લાડ લડાયલા એવા પ્રભુ તમારા વિના હવે મારાથી નથી રહેવાતું.

આ ગોવર્ધનવાસી શ્રીનાથજી જ્યારે મથુરામાં સતઘરામાં શ્રી ગુસાંઇજીને ઘેર પધારી લગભગ પોણા ત્રણ માસ ત્યાં બિરાજ્યા. મહા વદ ૭ થી તે વૈશાખ સુધ ૧૪ સુધી નૃસિંહ ચતુર્દશીને દિવસે પાછા શ્રીગિરિરાજ પધાર્યા છે. પણ જ્યારે પ્રભુ મથુરામાં બિરાજ્યા હતા ત્યારે શ્રી ગીરીરાજ ઉપર આપના વિરહમાં ચતુર્ભુજદાસજીએ ગાઈ છે.

## ( સાખી. )

બંક બેન હસિકે કહો નીકેવદન દિખાય,
નયનન આરતી હોય રહી સો યુગ સમાન પલ જાય. ૭

**અર્થ:**—ચતુર્ભુજ દાસજી કહે છે જે હે શ્રીનાથજી, તમારૂં મુખચંદ્ર સારી રીતે દેખાડીને હસિને વાંકા વચન કહો અને હે પ્રભુ આપના દર્શનને માટે નેત્રોની આરતી થઇ રહી છે. દર્શન વિનાની એક પલ જાય છે તે યુગ સમાન લાગે છે. આ સાખીમાં વાંકા વચન કહેવાની માગણી ચતુર્ભુજદાસજીએ શા માટે કરી છે કે વાંકા પણું છે તે અતિ રસને વધારવાવાળું છે તે વિષે રાસ પંચાધ્યાયીમાં કહેલ છે કે:—

નાગર નગધર નંદ ચંદ હસે મંદ મંદ તબ,
બોલે બાંકે બેન પ્રેમકે પરમ એન સબ. ૮૬

ઉજ્વલ રસકો યહ સ્વભાવ, બાંકી છબી પાવે,
બંક કહન અરૂ ચહન બંક અતિ રસ હી બઢાવે. ૮૭

જેસે સુંદર નાયક રૂપ ગુણ રસિક મહા હે,
સબ ગુણ મિથ્યા હોય નેક જો બંક ન ચાહે. ૮૮

રાસ પંચાધ્યાયીના ઉપર લખ્યા ત્રણ ચરણનો **અર્થ**:—હે નાગર અને નગ કેતાં પર્વત કીયો કે શ્રી ગોવર્ધન પર્વત તેને ધારણ કરવા વાળા શ્રીનંદરાયજીના ચંદ્રમા રૂપ પ્રભુ તે વખતે મંદ મંદ મુસકાઇને પ્રેમથી પરિપુર્ણ ભરેલા એવા વાંકા વચન બોલ્યા કારણ કે ઉજ્વલ રસનો એવો સ્વભાવ છે જે તેમાં જો વાંકાપણું હોય તોજ ઉજ્વલ રસ દીપે તે કેવી રીતે કે વાંકુ કહેવું, વાંકુ ચાહવું વાંકાપણું છે તે અતિ રસને વધારવાવાળું છે. એક સુંદર નાયક હોય તે રૂપે કરીને પરિપૂર્ણ હોય તેમજ ગુણે કરીને પણ પરિપૂર્ણ હોય પણ તેમાં જો વાંકાપણું નહોય તો તેના સર્વ ગુણ મિથ્યા થઈ જાય તો વાંકા વચન આવી રીતે રસથી ભરેલા હોય છે તેથીજ વાંકા વચન કહેવાની ચતુર્ભુજદાસજીએ માગણી કરી છે.

## ( ચાલ. )

બંક ચિતે મુસકાયકે લાલ સુંદર વદન દિખાય,
લોચન તલપે મીન જ્યોં લાલ છિનુ છિનુ કલ્પબિહાય. ૮

**અર્થ**:—હે શ્રીનાથજી, વાંકી ચિતવન એટલે વાંકી દ્રષ્ટિથી મારા સામું જોઇને અને મંદ મધુરૂં મુસકાઇને આપનું સુંદર એવુ વદન કેતાં મુખચંદ્ર દેખાડો. આપના દર્શનને માટે મારા નેત્રો (જલ વિના જેમ માછલું તરફડે તેવી રીતે) તલપે છે આપના દર્શન વિનાની દરેક ક્ષણ જાય છે તે કલ્પ ( બે હજાર ચતુર્યુગ ) સમાન જાય છે.

### ( સાખી. )

મુરલી મધુર બજાવહીં સપ્ત સ્વરન કલ ઘોર,
ચિતમેં ચહધુની ચુભિ રહી સો નાગર નંદકિશોર. ૯

**અર્થ:**—હે નાગર, હે નંદકિશોર, તમો મધુર ધ્વનીથી સપ્ત સ્વરોમાં મોરલી ઘોર કેતાં ઉચા સ્વરોથી વગાડો છો તે મોરલીની ધ્વની અમારા ચિતમાં ખુચિ રહી છે.

### ( ચાલ. )

સપ્ત સ્વરન બંધાનસોં લાલ મોહન વેણું બજાય,
સુરત સુહાઈ બાંધકેં નેક મધુરે મધુરે ગાય હો. ૧૦

**અર્થ:**—હે મોહન, સપ્ત સ્વરોનાં બંધારણે કરીને તમો વેણુંને વગાડો અને સોહામણી આલાપે કરીને જરા મધુરૂં મધુરૂં ગાઓ.

### ( સાખી. )

બોલત રસ ભરે બેનહીં ગિરિચઢિ દીની ટેર,
ધોરી ધૂમરિ ગાંગ બુલાઈ ટેરત વદન જો ફેર. ૧૧

**અર્થ:**—હે પ્રભુ, આપ જ્યારે બોલો છો ત્યારે રસ ભરી વાણીથી બોલો છો અને ગોવર્ધન પર્વત માથે ચઢીને ગાયો ધોરી, ધૂમરિ, ગાંગ એ બધી ગાયોને બોલાવો છો ત્યારે તમારી ટેર સાંભળતાંજ ગાયો મોઢું ફેરવી તમારી સામુ જુવે છે.

### ( ચાલ. )

રસિક રસીલી બોલની લાલ ગીરી ચઢિ ગૈયાં બુલાય,
ગાંગ બુલાઈ ધૂમરિ નેક ઉંચી ટેર સુનાય. ૧૨

**અર્થ:**—હે રસિક પ્રભુ આપનું બોલવું રસીલું એટલે રસ ભરેલું છે તેથી શ્રીગીરીગોવર્ધનને માથે ચઢી ગાંગ અને ધૂમરિ ગાયને ઉંચા સાદથી બોલાવવું મને સંભળાવો.

### ( સાખી. )

જા દિનતેં દેખે દ્રગન અરૂચિ ભયો સંસાર,
નીંદ ન આવે રૈનદિન સો ભૂલી આર આહાર. ૧૩

**અર્થ:**—હે પ્રભુ, જે દિવસથી દ્રષ્ટિયે કરીને તમને દીઠા તે દિવસથી સંસાર વિષે અરૂચિ થઈ અને તમારા વિના રાત ને દિવસ નિદ્રા નથી આવતી તેમજ આહાર વિહાર પણ બધું ભૂલાઈગયું છે.

### ( ચાલ. )

દ્રેષ્ટિ પરી જા દિવસતેં લાલ તબતે રૂચે ન આન,
રજની નીંદ ન આવહીં મોહિ બિસર્યો ભોજન પાન. ૧૪

**અર્થ:**—હે પ્રભુ જે દિવસથી તમો દ્રષ્ટિયે પડ્યા છો તે દિવસથી માત્ર તમેજ રૂચો છો. તમારા સિવાય બીજું કાંઈ રૂચતું નથી. રાત્રીના નિદ્રા આવતી નથી અને ખાનપાન પણ વિસરી ગયું છે.

### ( સાખી. )

દર્શનકો નયનાં તપે લાલ શ્રવણ તપે નિજ બેન
હિયરા મિલવેકું તપે જીયમેં બહુત પ્રસન્ન. ૧૫

**અર્થ:**—હે પ્રભુ, આપનાં દર્શન કરવાને માટે મારા નેત્રો તપે છે અને આપની વાણી સાંભળવાને માટે મારા કાન તપે છે અને આપને મળવાને માટે મારૂં હૈયું તપે છે અને જીવ પણ કેવળ તમારૂં મળવું તેમાંજ પ્રસન્નતા માને છે.

### ( ચાલ. )

દર્શનકોં નેના તપે લાલ બચન સુનનકોં કાન,
મિલવેકું હિયરા તપે મેરે જીયકે જીવન પ્રાણ હો. ૧૬

**અર્થ:**—હે પ્રભુ, આપનાં દર્શન કરવાને માટે મારા નેત્રો તપે છે અને આપનાં મુખાર્વિંદની વાણી સાંભળવાને માટે મારા કાન તપે

છે અને આપને મળવાને માટે મારૂં હૃદય તપે છે. કારણ કે મારા જીવના પણ તમે જીવન પ્રાણ છો.

( સાખી. )

ચાતક સ્વાતિ વિલાસ હેં લોચન નિમિષ યુગ જાય,
દેખો દ્રષ્ટિન ચાહસોં સુંદર નટવર રાય. ૧૭

**અર્થ**:—ચાતક પક્ષી છે, તે પૃથ્વી માથે અનેક નિર્મળ જલ છે તેની કોઈની ચાહના ન કરતાં કેવળ સ્વાતિ બૂંદનીજ ચાહના કરે છે તેવીજ રીતે મારા નેત્રોરૂપ ચાતક હે નવઘનરૂપ પ્રભુ આપનીજ માત્ર ચાહના કરે છે. આપ સિવાય બીજાને ચાહતા નથી. ચાતક સ્વાતિના જેવો નેત્રોનો વિલાસ થઈ ગયો છે તેથી નેત્રોની એવી દશા થઈ છે કે તમારાં દર્શન કરતામાં આંખની પાંપણ આડી આવે તેટલો સમય પણ યુગ જેવો લાગે છે. નેત્રોની ચાહના એવી છે કે નટવર રાય એવા સુંદર પ્રભુને દ્રષ્ટિ ભરિ ભરિને જોયા કરૂં.

( ચાલ. )

મન અભિલાખા હોય રહી લાલ લાગત નેન નિમેખ,
એકટક દેખું ભાવતો પ્યારો નાગર નટવર ભેખ હો. ૧૮

**અર્થ**:—હે પ્રભુ મનમાં તમારા દર્શનની અભિલાપા થઈ રહી છે તેથી એકટક એટલે પાંપણ પણ ન મીચાય તેમ આપના પધારવાની રાહ પણ ચતુર્ભુજ દાસ જોઈ રહ્યા છે. કારણ કે મથુરામાં સતઘરામાંથી નૃસિંહ ચતુર્દશીને દિવસે પાછા શ્રીગિરિરાજ ઉપર મંદિરમાં પધાર્યા છે તેને આગલે દિવસે ચતુર્ભુજદાસને ગાઢ વિરહ થયો તેથી સાંજના સમયમાં ગાયોના મધ્યમાં બલદેવજી સહિત પ્રભુએ દર્શન દીધા છે અને કહ્યું છે કે આવતી કાલ પર્વત ઉપર જરૂર પધારસું એમ શ્રીમુખથી આજ્ઞા કરી છે તેથી ચતુર્ભુજદાસ એકટક

થઈ આપના પધારવાની રાહ જોઈ રહ્યા છે અને આગલી સાંજે દર્શન આપેલ નાગર નટવર ભેખ સ્વરૂપનું સ્મરણ કર્યું છે.

### ( સાખી. )

નિરખોં વદન જ્યોં શરદ શશી મન અટક્યો યાહી ઓર,
અમૃત રસકે પાનકોં સો કુમુદિની ઓર ચકોર. ૧૯

**અર્થ:**—ચકોર નામનો પક્ષી જેમ ચંદ્રમાને જોઇ રહે છે તેમ શરદના ચંદ્રમાં જેવા આપનાં મુખચંદ્ર નિરખવાને મારૂં મન ચકોર થઇને અટક્યું છે ચકોરનું મન ચંદ્રમામાં શા માટે અટકે છે કે તેમાં રહેલા અમૃતનું પાન કરવાને માટે અટકે છે. તેવીજ રીતે મારૂં મન તમારા મુખચંદ્રમાં અટક્યું છે.

### ( ચાલ. )

પૂરણ શશી મુખ દેખકેં લાલ ચિત્ત ચોટયો ચાહી ઓર,
રૂપ સુધારસ પાન દે લાલ સાદર ચંદ ચકોર. ૨૦

**અર્થ:**—ચકોર પક્ષી અનન્ય વૃતથી ચંદ્રમા સામુ જોઈ રહે છે, તો તેને ચંદ્રમા પણ આદર સહિત પોતામાં રહેલા અમૃતનું પાન કરાવે છે; તેવીજ રીતે મારૂં ચિત્ત ચકોર રૂપ છે તે આપના મુખાર્વિંદરૂપ પુર્ણ ચંદ્રમામાં ચોટેલું છે તેથી આપના રૂપમાધુરી રૂપ અમૃતનું પાન મને કરાવો.

### ( સાખી. )

તજી વિવેક લજ્જા તજોં સજન કુટુંબ સંસાર,
શોભિત રવીસે દેખિકેં સો પ્રીતી અધિક અપાર. ૨૧

**અર્થ:**—હે પ્રભુ, આપની શોભા રવી કેતાં સૂર્યના જેવી જોઇને આપમાં પ્રાતી પાર વિનાની અધિકાધિક થાય છે તેણે કરીને

સજ્જનોની તેમ કુટુંબીઓની અને સંસારી જનોની લાજ છુટી જાય છે તેમ તે સંબંધી વિવેક પણ તજાઈ જાય છે.

### ( ચાલ. )

લોક લાજ કુલ વેદકી લાલ છાંડયો સકલ વિવેક,
કમલકલી રવી જ્યોં બઢે લાલ છિનછિન પ્રીતી વિશેષ હો. ૨૨

**અર્થ**:—હે પ્રભુ, આપને માટે લોકની અને કુળની લાજ અને વેદની મર્યાદા અને સર્વ પ્રકારનું વિવેક એ બધું મુકાઈ ગયું છે અને સૂર્યના ઉદયથી કમલની કલી જેમ જેમ ખીલતી આવે છે તેમ તેમ તમારામાં ક્ષણક્ષણને વિષે પ્રીતી વધતી આવે છે.

કોટિ કામ બલિહાર હીં નિરખત ગજગતી ચાલ;
વ્રજ યુવત્તિનકે નેહકો નયન કમલ વિશાલ. ૨૩

**અર્થ**:—ચાલ હાથીની પરમ સુંદર હોય છે તો હે પ્રભુ તમારી ચાલ હાથીના જેવી મલપતી જોઇને કોટાનકોટિ કામદેવ તમારા ઉપર બલિહારી જાય છે અને સ્નેહ નેત્ર દ્વારા થાય છે તો વ્રજયુવતી, એવા જે ગોપીજનો તેમને સ્નેહ ઉત્પન્ન કરવા તમારા નેત્રો કમલ સરખા અને વિશાલ છે.

### ( ચાલ. )

મન્મથ કોટિક વારણે લાલ નિરખી ડગમગી ચાલ,
યુવતિ જનમન ફંદના સો અંબુજ નયન વિશાલ. ૨૪

**અર્થ**:—તમારી ડગમગી ચાલ જોઇને કોટાનકોટિ કામદેવ વારણે જાય છે અને યુવતીજન કેતાં ગોપીજન તેઓનાં મન ફંદામાં નાખવાને માટે તમારા નેત્રકમલ જેવા અને વિશાલ છે.

## ( સાખી. )

મોર પપૈયા ચાતકી રટત જલદ જ્યોં ને[illegible]
નાગર નંદકિશોર બિન કઠિન ધામ ઓર ગેહ. ૨૫

**અર્થ:**—મોર પપૈયા અને ચાતકી એ સર્વ જલદ કેતાં મેઘ અથવા ઘનની રટના કર્યા કરે છે. કારણકે તેઓનો ઘનની સાથે સ્નેહ છે, તેમજ મને હે પ્રભુ ! નવઘનરૂપ આપનીજ માત્ર રટના રહે છે, અને હે નાગર ! હે નંદકિશોર તમારા વિના ધામગ્રહ બધું કઠણ લાગે છે; એટલે ક્યાંય સોહાતું નથી.

## ( ચાલ. )

યહ રટ લાગી લાડિલે લાલ જેસેં ચાતક મોર,
પ્રેમ નીર બરખાઇયેં પ્રિય નવઘન નંદકિશોર. ૨૬

**અર્થ:**—મોર અને ચાતકને જેમ ઘનની રટના લાગી રહે છે તેમજ મને હે નવઘન પ્રભુ તમારીજ રટના લાગી રહી છે. મોર અને ચાતકની અનન્ય રટના છે, તો તે પુરી પાડવા મેઘ જડ છે, છતાં જલ વરસી તેમની આશા પરિપુર્ણ કરે છે, તેમજ મારી આશા હે નવઘન ! હે નંદકિશોર પ્રેમરૂપી જલ વરસાવીને તમો પરિપુર્ણ કરો.

## ( સાખી. )

સઘન કુંજ નિત બિલસહીં યહ સુખ અધિક અપાર,
હમ શ્રીવૃંદાવન વેલી ભઇ તુમ મધુપ કરો ગુંજાર. ૨૭

**અર્થ:**—હે પ્રભુ ! વૃંદાવનની સઘન કુંજમાં તમારો વિલાસ નિત્ય છે અને તે સંબંધી સુખ અધિકાધિક છે. એટલે પાર વિનાનો છે. વેલીઓમાં રહેલા પુષ્પોના મકરંદમાં લુબ્ધ થઇને ભમરો તેને માથે ગુંજારવ કરે છે. કારણકે તે મકરંદનો ભવરો ભોગી છે, તેવીજ રીતે અમે વૃંદાવનની વેલીઓ છીયે અને તમો ભવરરૂપ છો, માટે ગુંજારવ કરો.

## ( ચાલ. )

કુંજભવન ક્રીડા કરો લાલ સુખ નીધિ મદન ગોપાલ,
હમ શ્રીવૃંદાવન માલતી તુમ ભોગી ભવર ભૂપાલ હો. ૨૮

**અર્થ:**—હે પ્રભુ આપ વૃંદાવનની કુંજ ભવન વિષે ક્રીડા કરો. કારણકે મદન કહેતાં અલૌકિક કામરૂપ આપ ગોપાલ છો, તેમજ સુખનીધ કેતાં સુખના સમુદ્રવત છો. માટે અમને સુખ આપો, અમે શ્રી વૃંદાવનની માલતી છીયે તો માલતીમાં રહેલા મકરંદના ભોગી ભવરાના પણ તમો ભૂપ છો.

## ( સાખી. )

સદા સર્વદા યુગનમેં પ્રભુ રાખો ચરણ નિવાસ,
હરિદાસ વ્રજ પાહુનો સો દાસ ચતુર્ભુજ પાસ. ૨૯

**અર્થ:**—આ સાખી ઉપરથી એમ જણાય છે જે શ્રી ગોવર્ધનવાસી તો ચતુર્ભુજ દાસજીએ ગાઈ છે. પણ તેની જે સાખીઓ કરનાર હરિદાસ નામના વૈષ્ણવ હોવા જોઇયે તેઓ કહે છે જે હે પ્રભુ! સદાસર્વદા યુગેયુગ પ્રતી મારો નિવાસ આપના ચરણકમલમાં રાખજો. હું હરિદાસ વ્રજનો પરોણો છું તેને ચતુર્ભુજ દાસની પાસે રાખજો.

## ( ચાલ. )

યુગ યુગ અવિચલ રાખીયેં લાલ યહ સુખ શૈલ નિવાસ,
શ્રી ગોવર્ધનધર રૂપપેં બલિહારી ચતુર્ભુજ દાસ. ૩૦

**અર્થ:**—ચતુર્ભુજ દાસજી કહે છે જે હે પ્રભુ આપ સંબંધી સુખની પ્રાપ્તી માટે યુગેયુગ પ્રતી મારો નિવાસ શ્રી ગિરિરાજજીને વિષે રાખજો અને હે ગિરિરાજજીને ધારણ કરવાવાળા શ્રીનાથજી તમારી રૂપ માધુરી માથે હું બલિહારી જાઉં છું. અથવા બીજો અર્થ એ પણ થાય છે જે હે પ્રભુ! આપનો નિવાસ યુગેયુગ પ્રતિ શ્રી ગિરિરાજજીને વિષે અવિચળ રાખજો. એટલે આપ સંબંધી સુખ ત્યાં મળે.

### ( સાખી. )

યહ મેરી અભિલાખ હેં પુરો શ્રી નંદકુમાર,
છબિપર કોટિકવારને સો તન મન પ્રાણ આધાર. ૩૧

**અર્થ:**—ચતુર્ભુજદાસજી કહે છે ઉપર કહી તે બધી મારી અભિલાખાઓ છે તે હે શ્રી નંદકુમાર તમો પરિપુર્ણ કરો, તમારી છબિ કેતાં સુંદરતા માથે મારા તન, મન અને પ્રાણ પણ હું કોટાન કોટીવાર ન્યોછાવર કરૂં છું. કારણકે તમો મારા પ્રાણઆધાર છો.

### ( સાખી. )

કહા કહું રસના એક હેં બદન લક્ષ કિરોર,
કૈસે કરિકેં વરણીયેં સો દાસ સદા કર જોડ. ૩૨

**અર્થ:**—ચતુર્ભુજદાસજી કહે છે કે હે પ્રભુ! તમારા ગુણગણનો પાર નથી તેનું વર્ણન કરવાને જીવ્હાઓ લાખો કરોડો જોઇયેં તો પણ પાર ન આવે તો મારી એકજ જીવ્હા છે, તેથી હું કેમ વર્ણન કરી શકું હું તો તમારો દાસાનુદાસ છું. તેથી સદા હાથ જોડીને રહું.

### ( સાખી. )

અબ તો જીય અકુલાત હેં દર્શન દેહો પિય મોય,
ખેંચો ડોરી પ્રેમકી તબહી મિલનો હોય. ૩૩

**અર્થ:**—ચતુર્ભુજદાસજી કહે છે કે હે શ્રીનાથજી હવે તો જીવ બહુ મૂંઝાય છે. માટે મને દર્શન આપો અને પ્રેમની ડોરી ખેંચો એટલે આપનું મળવું થાય.

### ( સાખી. )

પંડરપુર હરિરાજહીં અચન શ્રી વલ્લભ હાથ,
શ્રી ગોકુલમેં પ્રકટ ભયે નામ શ્રી વિઠ્ઠલનાથ. ૩૪

**અર્થ:**—પ્રભુ કેટલાક કાર્ય પોતે કરે છે, તે બીજાને નિમિત બનાવીને કરે છે. જેમકે શ્રીમદ્ ભાગવત પોતાની વાણી છે, તેની

નિશાની એ જે આખા શ્રી ભાગવતમાં ક્યાંય શ્રી રાધાજીનું નામ નથી છતાં નિમિત વેદવ્યાસજીને બનાવ્યા તેવીજ રીતે નવાખ્યાન શ્રી ગુસાંઈજીની વાણી છે, તેની નિશાની એ જે એમાં આખા પરિવારનું નામ છે, પણ શ્રી ગુસાંઈજીના બન્ને વહુજી શ્રી રૂક્મિણીવહુજી અને શ્રી પદ્માવતી વહુજીએ બન્નેનું નામ નથી, એથી તેમની વાણીની ખાત્રી થાય છે, છતાં નિમિત્ત ગોપાલદાસજીને બનાવ્યાં. ગોપાલદાસના હૃદયમાં બિરાજી પોતેજ ગાયા છે, તેવી રીતે અત્રે પણ બન્યું છે. શ્રી નાથજીએ પાન્ડુરંગ શ્રી વિઠ્ઠલનાથજીનાં હૃદયમાં બિરાજી શ્રી મહાપ્રભુજી પાસેથી વચન માગી લીધું જે અમને તમારા પુત્રરૂપે અવતરવાની ઈચ્છા છે, તેનો પુરાવો બીજા આખ્યાનમાં ખોલીને કહેલ છે.

### ( સાખી. )

વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું કીધી શ્રીવલ્લભજીશું વાત,
અમને તે ઈચ્છા એહ છે જે હું નંદન તમે તાત.

**અર્થ**:—પાન્ડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીનાં હૃદયમાં બિરાજીને શ્રી નાથજી એજ શ્રી મહાપ્રભુજી પાસેથી વચન માગી લીધું જે અમને તમારા પુત્રરૂપે અવતરવાની ઈચ્છા થઈ છે. એ વચનને અનુસાર ( તે પુરૂષોતમ પ્રકટશે શ્રીવિઠ્ઠલરૂપ નિધાન, નેત્રકમલે નાનાભાવે દેશે ભક્તને સન્માન. ) એટલે ઉપલા વચનને અનુસાર શ્રી વિઠ્ઠલનાથજી એટલે શ્રીગુસાંઈજી પ્રકટ થઈ નેત્રકમલે કરીને અને વિવિધ પ્રકારના ભાવે કરીને ભક્તજનોના સન્માન કરશે અને એ શ્રી ગુસાંઈજી શ્રી ગોકુલમાં વિશેષ બિરાજ્યા છે.

### ( સાખી. )

શિર ટોપી કટિ કાછની અંગ અબિર કટિ હાથ,
યહ બાનક મેરે મન બસો સદા શ્રી વિઠ્ઠલનાથ. ૩૫

**અર્થ:**—શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુસાંઇજી બન્ને સાક્ષાત્ પુર્ણ-પુરૂષોતમ છે, તેની નિશાની એ જે જે વખતે શ્રી મહાપ્રભુજીનું પ્રાદુર્ભાવ અગ્નિકુંડમાંથી થયું તેજ દિવસે, તેજ સમયે શ્રીગિરિરાજજી ઉપર શ્રી નાથજીના મુખારવિંન્દની ઝાંખી થઇ, આપ પોતે ભગવદ્દના મુખ સ્વરૂપ છે, અને જ્યારે શ્રી ગુસાંઇજીનું પ્રાદુર્ભાવ થયું તેજ વખતે શ્રીવિઠ્ઠલનાથજી ઠાકુર જે હાલમાં શ્રી નાથદ્વારામાં બિરાજે છે, બીજી ગાદીનું સેવ્ય સ્વરૂપ તે તેજ સમયે એક વેરાગી આવીને શ્રી મહાપ્રભુજીને સોંપી ગયો તો શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુસાંઇજી બન્ને સ્વરૂપનું પધારવું સેવ્ય અને સેવક ભાવથી ભૂતલ માથે થયું છે, તેમાં સેવ્ય સ્વરૂપથી પધારેલ શ્રી વિઠ્ઠલનાથજીનું શૃંગાર શ્રીમસ્તકને વિષે ટોપી કટિને વિષે કાછની અને આપનું શ્રીઅંગ ગૌર શ્યામ એટલે અબિર વરણું છે અને આપના બન્ને શ્રીહસ્ત કટીને વિષે છે, એવા હે શ્રી વિઠ્ઠલનાથજી આપની શોભા મારા મનમાં વસો એમ ચતુર્ભુજ-દાસજી કહે છે.

### ( સાખી. )

ધ્યાન શ્રી વિઠ્ઠલનાથકો સદા રહો મમ ચિત્ત,
ઠાડો રાજત ઇંટપેં સો ભેટત અપને મીત. ૩૬

**અર્થ:**—ચતુર્ભુજદાસજી કહે છે જે ઉપર વર્ણન કરેલા સેવ્ય સેવક ભાવથી પ્રકટ થયેલ બન્ને શ્રી વિઠ્ઠલનાથજીનું ધ્યાન સદાસર્વદા મારા ચિત્તમાં રહો, પણ સેવક ભાવથી પ્રકટ થયેલ શ્રી વિઠ્ઠલનાથજીના પ્રાદુર્ભાવના કારણ માટે પાન્ડુરંગ શ્રી વિઠ્ઠલનાથજીને નિમિત્ત બનાવ્યા છે તે પાન્ડુરંગ શ્રી વિઠ્ઠલનાથજી તો પંડરપુરમાં ઇંટ માથે બિરાજે છે, જેઓ શ્રી મહાપ્રભુજી ત્યાં પધારતાં સામા આવીને મળ્યા ત્યારે શ્રી મહાપ્રભુજીએ કહ્યું જે અમે ત્યાં પધારતા હતા, તમો સામાં પધારવાનો

શ્રમ શા માટે લીધો ત્યારે પાન્ડુરંગ શ્રી વિઠ્ઠલનાથજીએ કહ્યું જે મિત્ર આવે ત્યારે તેને સામે જઇને મળવું જોઇએ. એમાં કાંઈ અમે નવાઈ નથી કરી પણ એ મિત્રતાનો પથ પ્રકટ કર્યો છે એવી રીતે કહ્યું તે વિષેનો પુરાવો મૂળ પુરૂષમાં શ્રી દ્વારિકેશજી મહારાજશ્રીએ કહેલ છે જે ( તહાં તે પંડરપુર જો સિધારે, શ્રી વિઠ્ઠલનાથ મિલનકું પધારે, ભીમરથી કે પાર મિલે જબ દોઉ તનમેં આનંદ ઉમઢ્યો તબ; ઉમઢ્યો આનંદ કરી વીનતિ આપકું યહ શ્રમ ભયો કહી શ્રી વિઠ્ઠલનાથજીનેં મિત્રતા પથ પ્રકટીયો. ) એ વાક્યોને અનુસાર પાન્ડુરંગ શ્રી વિઠ્ઠલનાથજી મહાપ્રભુજી જ્યારે પંડરપુર પધાર્યા ત્યારે તેમને સામા આવીને મળ્યા છે, તેથી ઉપલી સાખીમાં કહ્યું જે ( ભેટત અપને મીત ) એટલે મિત્રને મળ્યા.

## અથ હિલગનું કિર્તન.

### રાગ—રામકલી.

મન મૃગ વેદ્યો મોહન નયનન બાનસોં ॥
ગૂઢ ભાવકી સેન અચાનક,
તકી તાન્યો ભ્રૃકુટી કમાનસોં. ૧

પ્રથમ નાદ બલ ઘેર નિકટ લે,
મોરલી સ્વર સપ્તક બંધાનસોં ॥
પાછે બંક ચિતે મૃદુ હાસિકે,
ઘાત કરી ઉલટી સુઠાનસોં ૨

ચતુર્ભુજદાસ પીર યહ તનકી,
મિટત ન ઔષધ આનસોં ।।
હોય હૈં સુખ તબહી ઉર અંતર,
આલિંગન ગિરિવર ન સુજાનસોં. ૩

(મન મૃગ વેધ્યો મોહન નયનન બાનસોં.)

**શબ્દાર્થ:**—મન રૂપી મૃગને જેનું નામ મોહન છે એવા પ્રભુએ નેત્ર કટાક્ષ રૂપી બાણથી વેધ કરી નાખ્યો.

**ટીકા**—આ કીર્તનની શરૂઆતમાં મનને મૃગની ઉપમા આપી છે તેમાં તો હદ કરી છે. પ્રથમ શબ્દ (મન) છે તો મનનું લૌકિક ધર્મ શું છે જે અનેક ઠેકાણે ભટક્યા કરવું. તે એટલો તો સજ્જડ છે કે, કોટિ ઉપાય કરેથી મનનું ભટકવું મટતું નથી અને ભટકવાપણા રૂપ મનનો લૌકિક ધર્મ જ્યારે નિવૃત થાય ત્યારે અલૌકિક ધર્મ મનને વિષે આવે તે વિષે આશ્રયના એક કીર્તનમાં કહેલ છે જે (લોકવૈદિકત્યાગ શરણગોપીશકો) અર્થ લૌકિક વૈદિક ફળની આશા જ્યારે નિવૃત થાય ત્યારે ગોપીજનના ઈશ એવા પ્રભુની શરણ સિદ્ધ થાય ત્યારે મન સર્વમાંથી નિવૃત થઈ પ્રભુમાં લાગે એ મનનો અલૌકિક ધર્મ છે. મનનું ભટકવું અટકી મન સ્થીર થયા વિના લૌકિકમાં કશો વ્યવહાર ચાલી શકતો નથી. ગમે તેવું લૌકિક કાર્ય પણ જો સ્થીર મનથી કરશું તોજ તે પરિપૂર્ણ થાસે. અસ્થિર મનથી કરેલું કદી પુરૂં થવાનું નથી અધુરૂં રહેવાનું તો મનનું ભટકવું લૌકિકમાં પણ જ્યારે આટલું બધે પ્રતિબંધ રૂપ છે તો અલૌકિકમાં પણ પ્રતિબંધ રૂપ હોય તેમાં કાંઈ નવાઈ જેવું નથી. હવે મનના ભટકવાપણા રૂપ લૌકિક ધર્મ કેમ મટે તે વિષે શિક્ષા

પત્રમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે મનને ભગવલ્લીલામાં ભગવન્નામમાં ભગવદ્ કથામાં કે ભગવદ્ સંબંધમાં જોડવાથીજ મનનું ભટકવું મટશે એ સિવાય અન્ય કહેતાં બીજા કોટી ઉપાય કરેથી પણ મનનું ભટકવું અટકવાનું નથી. માટે મન સ્થિર થઇ અન્ય સર્વ વિષયોમાંથી નિવૃત્ત થઈ કેવળ પ્રભુમાં લાગે એજ મનની ઉત્તમ દશા એજ સાફલ્યતા અથવા એજ મનનો અલૌકિક ધર્મ છે.

હવે એ કીર્તનમાં બીજો શબ્દ (મૃગ) છે તો મૃગનો લૌકિક ધર્મ શું છે કે આહાર અને વિહાર. પણ મૃગને ગાન શ્રવણમાં ઘણી આસાક્ત છે. જો કે ગાન શ્રવણ એ પણ કાંઈ અલૌકિક વિષય નથી લૌકિક વિષયજ છે છતાં તેમાં મૃગની આસક્તિ એટલી બધી છે કે ગાન શ્રવણ કરતી વખતે પોતાના આહાર વિહાર રૂપ લૌકિક સુદ્રઢ ધર્મોનું સ્મરણ પણ તેને રહેતું નથી. બધું વિસ્મૃણ થઈ જાય છે એટલુંજ નહીં પણ ગાન શ્રવણ રૂપ લૌકિક વિષયની ખાતર પોતાના પ્રાણ પણ અર્પણ કરે છે. પ્રાણની પણ દરકાર નથી કરતો એ એના લૌકિક સ્નેહની પણ ઉત્તમ દશા છે એજ તેની અનન્યતા છે. એ વિષે સૂર પચીસીમાં સૂરદાસજીએ કહેલ છે કે—

સુમર સ્નેહ કુરંગકો રે શ્રવણન રાચ્યો રાગ,
ધરી ન શક્યો પગ પાછમનોરે સર સન્મુખ ઉરલાગ.

**અર્થ**—સૂરદાસજી કહે છે જે મૃગના જેવા સ્નેહથી પ્રભુનું સ્મરણ ભજન કર એવી રીતે પોતાના મનને સંબોધીને શરણસ્થ જીવો પ્રતિ કહે છે. કારણ મૃગની ગાન શ્રવણમાં આશક્તિ હોવાથી તેમાં તે રાચેલો છે એટલે નિમગ્ન છે. ગાન શ્રવણ કરતી વખતે પારધી સન્મુખથી બાણ મારે છે તે એના ઉરસ્થલમાં આવી લાગે છે છતાં મૃગ પાછું પગલું પણ ભરતો નથી ને પોતાના પ્રાણ સુદ્ધાં

અર્પણ કરે છે તેથી સૂરદાસજી કહે છે જે આવા પ્રકારનું સ્નેહ પ્રભુમાં રાખવું તેમાં કદાચ મર્ણ પર્યંતનું દુઃખ આવી પડે તો તે સહન કરવું પણ એવા અનન્ય પ્રભુ સ્નેહને ન છોડે તો કામ થાય તે વિષે પંચામૃત ગ્રંથમાં કહેલ છે જેઃ—

ચાખ્યો ચાહે પ્રેમ રસ રાખ્યો ચાહે શીશ,
દો બાતે કૈસે બને હરિ ક્યોં કરે બક્ષીસ.

**અર્થઃ**—પ્રભુ સંબંધી પ્રેમ રસ ચાખવાની ચાહના વાળાએ એ પ્રેમ પ્રાપ્ત થવાની ખાતર પોતાનું માથું સુદ્ધાં જતું હોય તો પણ તેની દરકાર ન કરવી. આટલે દરજ્જે પ્રભુ પ્રેમની ચાહનાવાળો જીવ થાય ત્યારે તેને પ્રભુ પ્રેમ રસની બક્ષીસ કરે. પણ જો પ્રેમ રસ ચાખવાની અને માથું રાખવાની બન્ને ચાહનાઓ જો જીવ કરે તો પછી હરિ પ્રેમ રસની બક્ષીસ કેમ કરે? એટલે નજ કરે. વળી બીજો કીર્તન (ચલો સખી વ્રજ પેંડ લગી હેં જહાં બિકાત હરિ પ્રેમ) એ કિર્તનના અંતરામાં કહેલ છે કે (સુઠ સોંઘો પ્રાણુનકે પલટે ઉલટ ધરો યહ નેમ) અર્થ—એ પ્રભુ સંબંધી પ્રેમને માટે દ્રવ્યાદિક નહિ બેસતું હોવાથી તમામ સસતો એમ કહ્યું પણ પાછળથી કહ્યું છે જે એ પ્રભુ સંબંધી પ્રેમની ખાતર પ્રાણ સુદ્ધાં અર્પણ કરો તોજ એ પ્રેમ મળે. તે સિવાય ન મળે. તો આવા પ્રકારથી અનન્ય સ્નેહવાળું મન સ્થીર થઈ અન્ય સર્વ વિષયોમાંથી નિવૃત્ત થઇ પ્રભુમાં લાગે ત્યારેજ તેવા પ્રકારના મનમાં મૃગનો ધર્મ આવ્યા કરી ગણી શકાય તેવી દશાને પહોંચેલા મનને મૃગની ઉપમા આપી શકાય તો ગોપીજનનું મન તેવી ઉત્તમોત્તમ સ્થીતીને પહોંચેલું હતું. તેથીજ તેમના મનને ચતુર્ભુજદાસજીએ આ ઠેકાણે મૃગની ઉપમા આપી છે પણ જેઓના મનમાં મૃગના જેવા ધર્મ ન આવ્યા હોય તેઓના મનને મૃગની ઉપમાજ ન આપી શકાય.

ત્રીજો શબ્દ (વેધ્યો) છે, તો એ વેધ પણ અતિ ઉત્તમ પ્રકારનો. મહાન્ અલૌકિક છે લૌકિક વેધ તો પ્રાણ નાશક છે તેમ પીડા કરનાર છે. તેમ વેધ ઘાત રૂપ હોવાથી લૌકિક વેધવાળાની ગતિ પણ ઉત્તમ ન થાય. પણ અલૌકિક વેધમાં તો પ્રાણની હાની મુદ્દલ ન થાય તેમ પીડા પણ ન થાય. આપણને ખબર એ ન પડે તેમ વેધ થઈ જાય તેમ અલૌકિક વેધવાળાની ગતિ પણ ઉત્તમોત્તમ પ્રકારની થાય એટલે ભગવદ્ચરણાર્વિંદની પ્રાપ્તી રૂપ ગતી થાય પણ લૌકિક ગતી કદી ન થાય તે વિષે નવરત્ન ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કેઃ—

ચિંતા કાઽપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપિ,
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્.

**અર્થ**:—જેણે પોતાના આત્મા સહિત સર્વસ્વ પ્રભુને અર્પણ કરેલું છે એવા શરણસ્થ જીવે લૌકિક વૈદિક ચિંતા કોઈ કાળે પણ ન કરવી. કારણ કે ભગવાન એવા આપણા પ્રભુ પુષ્ટિસ્થ છે તેથી શરણે આવેલા એવા શરણસ્થ જીવની લૌકિક ગતિ કોઈ વખત પણ નહિ કરે તો જેનો પ્રભુના નેત્ર કટાક્ષના બાણથી વેધ થયો છે તેની લૌકિક ગતી કેમ થાય? નજ થાય પણ મહાન અલૌકિક ગતી તેની થાય એ કારણથી એ વેધ પણ ઉત્તમોત્તમ પ્રકારનો કહ્યો.

હવે ચોથો શબ્દ (મોહન) છે. તો પ્રભુનાં અનેક નામ છે તો તેમાંનું બીજું કોઈ પણ નામ ન કહેતાં અત્રે મોહન નામ કેમ કહ્યું છે એમ જાણવાની ઇચ્છા થાય તો કહેવાનું કે આ કીર્તનની શરૂઆતમાં મનને મૃગની ઉપમા આપી છે તેથી પહેલેથી તે છેવટ સુધી તમામ વર્ણન મૃગને અનુસરતુંજ આવવું જોઇએ. પ્રથમ પારધી મૃગને ગાન શ્રવણ કરાવે છે તે દ્વારા તેને મોહ પમાડી પછી તેનો વેધ કરે છે તેવીજ રીતે અત્રે પણ પ્રભુએ વ્રજભક્તને મોહિત કરી પછીજ તેનો વેધ કર્યો છે અને સર્વને મોહ ઉત્પન્ન કરનાર પ્રભુજ

છે તે કાર્યને સૂચવનારૂં ( મોંહન ) એવું પ્રભુનું નામ છે. તે નામને અનુસરતું એ ભક્તને મોહ પમાડવા રૂપ કાર્ય પણ આપે અત્રે કર્યું છે તે કારણથી પ્રભુના બીજા નામો અત્રે ન કહેતાં ( મોહન ) એ નામનીજ યોજના અત્રે કરેલી છે.

પાંચમો અને છઠ્ઠો શબ્દ ( નયનન બાનસોં ) છે. બાણ વિના વેધ થાય નહી તો પારાધી જેમ લૌકિક બાણથી મૃગનો વેધ કરે છે, તેમ પ્રભુએ નેત્ર કટાક્ષ રૂપી અલૌકિક બાણથી વેધ કરેલો છે.

હવે એ કીર્તનના પ્રથમ ચરણનું ઉતરાર્દ્ધ કહે છેઃ—

ગૂઢ ભાવકી સેન અચાનક તકી તાન્યો ભ્રકુટી કમાનસોં. (૧)

શબ્દાર્થ—ગુપ્ત ભાવની સેન એટલે સમસ્યા અચાનક પધારીને કરી અને આંખની ભ્રમર રૂપી કમાન તાણીને અને તકીને બાણ માર્યું. આમાં બીજો શબ્દ (ભાવ) છે તો આપણા પ્રભુ ભાવિકદેવ છે તેમ ગોપીજનનો આ પુષ્ટિમાર્ગ પણ ભાવાત્મક છે. તો ભાવાત્મક માર્ગમાં તમામ ભાવ સહિતજ હોવું જોઇએ. ભાવ વિના સર્વ નકામું છે તેથી ભાવની સમસ્યા કરી છે.

પહેલો શબ્દ (ગૂઢ) છે તે ગૂઢભાવ એટલે ગુપ્ત સ્નેહનું સૂચન કરેલું છે, સ્નેહ કેતાં પ્રીતી ગુપ્ત રહેવી જોઇએ તે વિષે મોટી દાન લીલામાં ગોપીજનોએ પ્રભુને કહેલું છે કે ( પ્રીતી હીયેમેં રાખીયેં સોતો પ્રકટકીયે રસ જાય. ) અર્થ—પ્રીતી હીંયાંમાં ગુપ્ત રાખવી પ્રકટ ન કરવી પ્રકટ કરવાથી રસ ચાલ્યુ જાય તેથી ગૂઢ કેતાં ગુપ્ત ભાવની સમસ્યા કરી છે.

ત્રીજો શબ્દ (સેન) છે સેન એટલે સમસ્યા કરવાનું કારણ એ કે અનેક વ્રજભક્તોના વચમાં જેને પોતનો ગુપ્ત ભાવ જણાવવો હોય તેને સમસ્યાથી કહે તો તેજ જાણી શકે બીજો ન જાણે તેથી સમસ્યામાં કહ્યું છે.

ચોથો શબ્દ (અચાનક) છે તો પ્રભુની એ રીતી છે કે જે ભક્તને કહ્યું હોય જે આજે સાંજે તારે ત્યાં પધારસું તો તે બિચારા આખી રાત્ર વાટ જોયા કરે પણ ત્યાં ન પધારે કારણ કે એ દ્વારા તેમને વિશેષ આરતિ કરાવે અને જેને કંઈ પણ ન કહ્યું હોય તેને ત્યાં પોતાની ઇચ્છાથી અચાનક એટલે ઓચિંતા પધારે તેવીજ રીતે આ ભક્ત પણ કહે છે કે મારી પાસે પણ એવી રીતે અચાનક પધારી મને ગુપ્ત ભાવની સમસ્યા કરી પછી ભ્રકુટી એટલે આંખની ભમર રૂપી કમાન તાણીને અને તકીને બાણ માર્યો.

હવે તકવાનું કારણ એ કે જેને બાણ મારવો છે તેને તકીને મારે તોજ તેને લાગે તેથી તકીને મારેલ છે. અને વળી તાણીને મારેલ છે તે એટલા માટે કે તાણીને મારે તોજ લાગે નહિંકાં ખાલી જાય તેથી તાણીને મારેલ છે.

હવે પારાધી લૌકિક કમાન તાણીને બાણ મારે છે તેમ પ્રભુએ આંખ ઉપરની ભમર રૂપી અલૌકિક કમાન તાણીને બાણ મારેલ છે.

હવે એ કીર્તનના બીજા ચરણનું પુર્વાર્ધ કહે છે.

( પ્રથમ નાદ બલ ઘેર નિકટ લે મુરલી સ્વર સપ્તક બંધાનસોં )

અર્થ–પ્રથમ સપ્ત સ્વરોના મોરલી નાદના બળે કરીને ઘેરીને મને નિકટમાં લીધા. હવે આ ઠેકાણે (પ્રથમ) શબ્દ કહેવાનું કારણ એ છે કે નેત્ર કટાક્ષના બાણથી વેધ કર્યાથી આગળની હકિકત હવે કહેવાનું શરૂ કરે છે તેથી અત્રે ( પ્રથમ ) શબ્દ કહ્યો છે તે પછી બીજે અને ત્રીજે શબ્દ ( નાદ બલ ) છે. તો પારાધી પ્રથમ ગાન શ્રવણ કરાવી તે નાદના બળથી મૃગને મોહિત કરી પોતાની નિકટમાં લે છે. તેવી રીતે પ્રભુએ મોરલી નાદના બલથી ઘેરીને મને નિકટમાં લીધી. હવે લૌકિક નાદમાં કેટલું બળ સામર્થ્ય છે કે તેના બલથી

મૃગ ખેંચાઈને પારાધી પાસે આવે છે તો અલૌકિક મોરલી નાદમાં એ લૌકિક નાદ કરતાં કોટી ગણું અધિક સામર્થ્ય છે તેનું વર્ણન રાસ પંચાધ્યીમાં નંદદાસજીએ કરેલ છે કે જ્યારે પ્રભુએ અલૌકિક મોરલીનો નાદ કર્યો ત્યારે તે નાદ શ્રવણના બલથી ( સિલા સલિલ હોય ચલી સીલા હોય રહી સલિલ પુની ) અર્થ–મોરલીનો અલૌકિક નાદ સાંભળતાં સિલા હતી તે પીગળીને પાણી થઈ વહી ચાલી અને પાણી હતું તે જામીને સિલા રૂપ થઇ ગયું. વળી એજ રાસ પંચાધ્યાયીમાં કહેલ છે કે ( નગનકે ધર્મ ન રહે પુલક તન ચલે ઠોરતેં ખગ મૃગ ગૌ વચ્છ મચ્છ તે રહે ઠોરતેં ) અર્થ–જ્યારે મોરલી નાદ થયો તે વખત શું થયું તે કહે છે જે પર્વતોનો લૌકિત ધર્મ એ છે કે કઠણ થઈ એકજ ઠેકાણે રહેવું પણ મોરલી નાદ સાંભતાં તેમનાં તન કેતાં અંગ પુલકિત એટલે રોમાંચ થયાં તેથી તે પીગળી પાણી થઇ એક ઠેકાણેથી વહી બીજે ઠેકાણે ચાલ્યાં અને ખગ કેતાં આકાશમાં ઉડતાં પક્ષીઓ, મૃગ ગણો ગાયો, વાછરડાંઓ, માછલાંઓ, કાચબાઓ એ બધાની ખાન પાનમાં એટલી પ્રીતી છે કે ખાવાની વસ્તુ પોતાના બચ્ચાના મોઢામાં હસે તો તે લઈ એની મા ખાઇ જસે પણ જ્યારે પ્રભુએ મોરલીનાદ કર્યો તે વખતે એઓએ ખાવાને માટે મોઢામાં નાખેલ કોળીયા એમને એમ રહી ગયા. તો અલૌકિક એવા પ્રભુના મોરલીનાદમાં એટલું બધું સામર્થ્ય છે તો તે નાદના બલથી, એ વ્રજ ભક્ત કહે છે કે, ઘેરીને મને નિકટમાં લીધી.

ચોથો શબ્દ ( ઘેર ) છે એટલે ઘેરીને નિકટમાં લીધી. હવે ઘેરવાનું શું પ્રયોજન એમ શંકા થાય તો જાણવાનું કે ઘેરો નાખવાથી તે તેની આગળથી આઘો જઈ નથી શકતો. જો આઘો જાય તો વેધ થાય નહી તેથી મૃગને પારાધીએ ગાનશ્રવણરૂપી નાદના

બલથી ખેંચાને નિકટમાં લીધો એટલુંજ નહીં પણ તે નાદ બલે મૃગને એટલી અસર કરી કે તે આઘો જઈજ ન શકે. એટલે નાદ બલેજ તેને ઘેરી પણ લીધો તેવી રીતે આ વ્રજભક્ત કહે છે કે પ્રભુએ મોરલીનાદ બલથી મને નિકટમાં પણ લીધી અને ઘેરી પણ લીધી તે કેવી રીતે કે મોરલીમાં સપ્ત સ્વર વગાડીને.

હવે બીજા ચરણનો ઉત્તરાર્ધ કહે છે કે—

પાછે બંકચિત્તે મૃદુ હસિકે ઘાત કરી ઉલટી સુહાનસોં (૨)
અર્થ—નાદ બલથી ઘેરીને નિકટમાં લીધા પછી વાંકી ચિતવનથી અને મંદ મધુરૂં હસિને ઉલટી રીતીથી ઘાત કરી બંકચિતવન એટલે આપનું વાંકી દ્રષ્ટિથી નિહાળવું અને મંદ મંદ મધુરૂં હસવું એ બે વાના ઘાત રૂપ છે. તો એ બન્ને પ્રકારથી મારી ઘાત કરી પણ તે ઉલટી રીતીથી ઘાત કરી છે એટલે લૌકિક ઘાતથી એ ઘાત ઉલટા પ્રકારની છે. તે કેવી રીતે કે લૌકિત ઘાત તો પ્રાણનાશક છે અને આ અલૌકિક ઘાતમાં પ્રાણની હાની મુદલ ન થાય તેથી કહ્યું જે ઘાત કરી પણ ( ઉલટી સુહાનસોં ) એટલે લૌકિક ઘાતથી ઉલટી રીતીથી એ અલૌકિક ઘાત કરી.

હવે ત્રીજા ચરણનો પુર્વાર્દ્ધ કહે છે કે—

( ચતુર્ભુજદાસ પીર યહ તનકી, મિટત ન ઔષધ આનસોં. )
અર્થ—ચતુર્ભુજદાસજી કહે છે જે પ્રભુના નેત્ર કટાક્ષના બાણથી જેનો વેધ થયો છે અને વાંકી ચિતવન અને મંદહાસ્યાવલોકનથી જેની ઘાત થઇ છે તેનું ચિત્ત પ્રભુમાં તન્મય થઈ જાય છે તેથી પ્રભુના વિયોગમાં તેને અત્યંત પીડા થાય છે. કોઇપણ પીડા નિવૃત કરવી હોય તો ઔષધી લેવી જોઇએ. ઔષધી લીધાથી પીડા મટે તો

આ પીડા નિવૃત્તિને માટે પણ ઔષધી ખાવાથી એ પીડા મટી જશે એમ કોઇ કહેતો ત્યાં કહે છે જે એ પીડા બીજી ઔષધીઓથી મટે તેમ નથી. એટલે આ અલૌકિક પીડા છે તે બીજી કેતાં લૌકિક ઔષધીઓથી મટે તેમ નથી. ત્યારે કેમ મટે તે એ ચરણની પાછલી તુકમાં કહે છે.

(હોયહેં સુખ તબહીં ઉર અંતર, આલિંગન ગિરિધરન સુજાન સોં.) અર્થ—એ વ્રજભક્ત કહે છે કે મને પ્રભુ વિયોગ સંબંધી પીડા છે તે આન કેતાં બીજી લૌકિક ઔષધીથી નથી મટવાની, ત્યારે કેમ મટશે તે કહે છે જે પ્રભુના વિયોગની પીડા છે તે પ્રભુનો મિલાપ થઈ જો તેઓને આલિંગન થાય તો (એ અલૌકિક ઔષધીથી) મટે અને ઉરને વિષે અંતરમાં પણ સુખ ત્યારેજ થાય.

(સંપુર્ણ.)

## રાજભોગનું કીર્તન.

### (રાગ—સારંગ.)

એસી પ્રીતી કહું નહી દેખી ॥
યશોમતિ સુત શ્રીવલ્લભસુત જેસી,
શેષ સહસ્ર મુખ જાત ન લેખી. (૧)

આજ્ઞા માંગ ચલે શ્રીગોકુલ,
ફિરફિર જાંક જરોખન પેખી ॥
સુનિયત કથા જલદ ચાતકકી,
કુમુદિની ચંદ ચકોર વિશેખી. (૨)

ઇનકો કીયો અબેં જીય ભાવત,
કરત શ્રૃંગાર વિચિત્ર વિશેખી ॥
ગોવિંદ ગોવર્ધનપેં માંગત,
બિછુરો પલ છીન અર્ધ નિમેખી. (૩)

( એસી પ્રીતી કહું નહીં દેખી ) ભક્તિ માર્ગ બે પ્રકારના છે. એક તો મર્યાદા અને બીજો પુષ્ટિ. મર્યાદા ભક્તિ માર્ગમાં ઐશ્વર્ય ભાવનું અંગીકાર છે અને પુષ્ટિભક્તિમાં સ્નેહનું અંગીકાર કરેલું છે. સ્નેહ સર્વોપર છે પરંતુ સંસાર વ્યવહાર સંબંધી સ્નેહ તે લૌકિક સ્નેહ કહેવાય છે. તે ક્ષણીક છે. નાશવંત છે. તેમજ વિકારવાળો અને સ્વાર્થને લીધે છે પણ પ્રભુ સંબંધી જે સ્નેહ છે તે અલૌકિક સ્નેહ કહેવાય છે. તે વિષે દયારામભાઇએ ભક્તિ પોષણ ગ્રંથમાં કહેલ છે કે ( રૂપ ગુણ દ્રવ્ય એ ત્રણ વાના પ્રીતી થવાના કહાવે પણ એ ત્રણે વિકાર રહિત સહજ સ્નેહ તે શ્રી. કૃષ્ણને ભાવે.) પ્રથમ લૌકિક સ્નેહનું વર્ણન કરે છે જે લોક વ્યવહારમાં કોઈનું સુંદર રૂપ જોઈ તેના માથે સ્નેહ ઉત્પન્ન થાય અથવા કોઇ ગુણી હોય તો તેના ગુણ જોઇને પણ .તેનામાં પાવવનામાં સ્નેહ ઉત્પન્ન થાય તેમજ કોઈ દ્રવ્યપાત્ર હોય તો દ્રવ્યની - લાલચે તેનામાં કેટલાકોને સ્નેહ ઉત્પન્ન થાય છે. માટે રૂપ, ગુણ, અને દ્રવ્ય એ ત્રણે વાના પ્રીતી ઉત્પન્ન થવાનાં કારણ રૂપ છે. છતાં તેનાથી ઉત્પન્ન થયેલો સ્નેહ લૌકિક કહેવાય છે. કારણ કે તે સ્નેહ સ્વાર્થને લીધેનું છે તેથી તે વિકારવાળો સ્નેહ કહેવાય છે પણ એ ત્રણે વિકાર રહિતનો જે શુદ્ધ સ્નેહ તે હરીને ભાવે છે અને લૌકિક સ્નેહ કેવો છે ? ક્ષણમાં સ્નેહ હોય તો બીજી ક્ષણમાં ઉતરી જાય. તે વિષે ભક્તજન કહે છે જે:-

છિનુ ઉતરે છિનુહીં ચઢે સોહી પ્રેમ ન હોય;
નિસવાસર ભીંજ્યો રહે પ્રેમી કહીયેં સોય.

**અર્થ**—એક ક્ષણમાં સ્નેહ થઈ આવે અને બીજી ક્ષણ તે પાછો ઉતરી જાય એવા પ્રેમને પ્રેમની ગણત્રીમાંજ નથી ગણ્યો પણ પ્રેમ પ્રાપ્ત થયા પછી રાત ને દિવસ તેમાં ભીંજ્યો રહે તેજ પ્રેમી કહેવાય. વળી પંચામૃતમાં કહેલ છે જે:—

ભક્તિ ભાવ ભાદોં નદી આવત હીં ગહેરાય;
સરિતા સોહી જાનીયે જેષ્ઠ માસ ઠહેરાય.

**અર્થ**—ભાદરવા માસમાં વર્ષાકાલ હોવાથી જલ વરસે છે તેથી કરી ખાલી પડેલી નદીઓમાં જલ આવતાંની સાથે તે નદીઓ જળથી પરિપુર્ણ ઘેરાઈ જાય છે તેમજ ભક્તિભાવ પણ થતાની સાથે એકદમ ઘેરાઈ જાય છે તેથી શું થયું. સરીતા કેતાં નદી તો તેને જાણવી જે જેઠ માસમાં કડકડતા તડકા પડે તે વખતમાં પણ તેમાં જલ રહ્યું આવે. ખાલી ન થઈ જાય તોજ તેને શરીતા એટલે નદી જાણવી. તેવી જ રીતે ભક્તિભાવ ઘેરાઇને નષ્ટ થઈ જાય એ શું કામનો? પણ ચાય તેવું દુઃખ આવે તે સહન કરી લે પણ પ્રાપ્ત થયેલ ભક્તિ ભાવને ન છોડે તો તે ભક્તિભાવ સાચો કહેવાય. હવે આ ઠેકાણે સરિતા એટલે નદીની ઉપમાં એટલા માટે આપી છે કે સરીતાનો પ્રવાહ સાગર ભણી નિર્જર વહ્યા કરે તેમ આપણો પ્રેમનો પ્રવાહ નિર્જર અલૌકિ સાગર એવા પ્રભુ તરફ વહ્યા કરવું જોઇએ. તેથી જ અત્રે સરીતાનું દૃષ્ટાંત આપેલું છે. તો લૌકિક સ્નેહમાં અને અલૌકિક સ્નેહમાં આટલો તારતમ્ય છે. લૌકિક સ્નેહ તો કોઇપણ કરી લેશે પણ અલૌકિક સ્નેહ થવો બહુ કઠણ છે તે વિષે પંચામૃતમાં વ્યાસ બાવા કહે છે કે:—

નેહ નિભાવન કઠિન હે સુર હું નિભવત નાહી;
ચઢનો મોમ તુરંગપે ચલનો પાવક માહી;

**અર્થ**—અલૌકિક સ્નેહને દેવતાઓ પણ નભાવી નથી શકતા. તે સ્નેહને નિભાવવો બહુજ કઠણ છે. તે આગળ કહે છે જે મીણના ઘોડા ઉપર બેસીને અગ્નિ વચમાંથી ચાલવું કેટલું કઠણ છે? તેવું અલૌકિક સ્નેહને નભાવવું કઠણ છે.

વળી પંચામૃતમાં કહેલ છે કેઃ—

જગ ઢુંઢ્યો કોઉ ના મિલ્યો નિભે અંત લો પ્રીતી;
લોભી ચામ ઓર દામ કે કહા જાને રસ રીતી.

વ્યાસ બાવા કહે છે કે આખા જગતમાં ખોજના કરશું તો પણ છેવટ સુધી પ્રીતીને નિભાવે તેવો કોઈ નહિ મળે. તેનું કારણ કહે છે કે સંસારી જનો તો ચામ અને દામના લોભી એટલે સ્વાર્થ પરાયણ હોય છે તેથી તેઓ પ્રભુ સંબંધી અલૌકિક રસ રૂપ પ્રેમ ને શું જાણી શકે? એ અલૌકિક રસ રૂપ શુદ્ધ પ્રેમનું શ્રીગોપીજનોએ અંગીકાર કરેલ છે. તો આપણા આ પુષ્ટિભક્તિ માર્ગમાં એજ સ્નેહનો અંગીકાર કરેલ છે. તે વિષે કહેલ છે કેઃ—

સેવા રીતી પ્રીતી વ્રજજનકી જન હિત જગ પ્રકટાઇ.

એટલે પ્રભુની સેવા કેવી રીતે કરવી કે જેવી રીતે ગોપીજનોએ કરી તેજ રીતીથી અને પ્રભુમાં પ્રીતી કેવી રાખવી કે જેવી પ્રીતી ગોપીજનોયેં રાખી હતી તેવીજ રાખવી. નિજજન કેતાં શરણે આવેલા શરણસ્થ જીવોને માટે ગોપીજનની સેવાની રીતી અને તેમના જેવી પ્રીતી જગતને વિષે શ્રી. મહાપ્રભુજીએ પ્રકટ કરી છે. એ ગોપીજનનો પ્રભુમાં કેટલો સ્નેહ હતો તે વિષે રાસ પંચાધ્યાયીમાં કહેલ છે કે (જીનકે નયન નિમેષ ઓટ કોટિક

યુગ જાહીં ) અર્થ ગોપીજનનો પ્રભુમાં કેવો સ્નેહ હતો કે પ્રભુનાં દર્શન કરતાંમાં આંખની પાપણ આડી આવતી એટલો સમય પણ કોટિ યુગ જેવડો લાગતો, તો આવા પ્રકારના સર્વોત્કૃષ્ટ પ્રેમનો પુષ્ટિભક્તિ માર્ગમાં અંગીકાર છે તેથી આવો સ્નેહ પ્રભુમાં રાખી પ્રભુને નાના પ્રકારના લાડ લડાવવા. પણ પ્રભુની સેવા અને કથા રસને જીવ શું જાણી શકે? એને તો કેવળ પ્રભુજ જાણી શકે. પ્રભુ સિવાય કોઈ જાણતું નથી અને વિછુરેલા જીવને પાછા લીલામાં લાવવા પણ છે. તેથી તેઓ પ્રભુની સેવા અને ગુણગાનમાં જો પ્રવૃત્ત થાય તો જ પાછા લીલામાં પહોંચી શકે. તો તેમના ઉપર દયા લાવી પ્રભુયે મનમાં વિચાર્યું તે પ્રથમ આખ્યાનમાં કહેલ છે કે ( શ્રી પુરૂષોતમે વિચાર્યું હવે પ્રકાર શ્યો કરીયેં મારી સેવા અને કથા રસ નિરૂપવા તનુ ધરીયેં ) પ્રભુએ વિચાર્યું જે વિછુરેલા જીવોને પાછા લીલામાં પ્રાપ્ત કરવાને મારી સેવા અને કથા રસનું નિરૂપણ કરવું પડશે. તેને માટે દેહ ધારણ કરીયે. એવો જે વિચાર પ્રભુએ કર્યો ( તેને હેતેં આપોપેં પ્રકટયા શ્રીવલ્લભરાજકુમાર ) એટલે એ ઇચ્છાને અનુસાર શ્રીવલ્લભરાજ જે શ્રીમહાપ્રભુજી તેના કુમાર શ્રીગુસાંઇજી પ્રગટયા છે. પ્રકટ થઈ શું કર્યું તે સાતમા આખ્યાનની શરૂઆતમાં કહેલ છે જે ( આપ સેવા કરી શીખવે શ્રીહરિ ભક્તિ પક્ષ વૈભવ સુદ્રઢ કીધો ) અર્થ—એ શ્રીગુસાંઇજી પોતે હરિરૂપ છે તેથી હરિ પોતે જ પોતાની સેવા કરીને શરણસ્થ જીવોને શીખવી છે અને તે દ્વારા પુષ્ટિ ભક્તિ રૂપ ગોપીજનના માર્ગને સુદ્રઢ કર્યો છે. જો હરિએ પ્રકટ થઈ પોતાની સેવા કરી ન બતાવી હોત તો જીવ પ્રભુની સેવાને શું જાણી શકત? અને જાણ્યા વિના કરી શકત પણ નહીં આપે તો શરણસ્થ જીવોના હિત માટે આટલો બધો શ્રમ લીધો તે વિષે આખ્યાનમાં કહેલ છે કે (નિઃસા-

ધન જનહિત કરવા શ્રીનાથવિઠ્ઠલ આવીયા ) પુષ્ટીભક્તિ માર્ગજ નિઃસાધન છે તેમાં શરણે આવેલા જીવ નિઃસાધન છે તેમનું હિત કરવાને માટે શ્રીવિઠ્ઠલનાથજી પધારેલા છે. પધારીને સ્નેહ સહિત પ્રભુની સેવા આવી રીતે કરવી એમ બતાવી આપ્યું અને હજી પણ બતાવી રહ્યા છે. સ્નેહથી પ્રભુની સેવા આજ દિન સુધી પણ જેવી શ્રી વલ્લભકુળના બાળકો કે વહુ બેટીઓ કરે છે તેવી તો ક્યાંય થવાની નથી. ગોપીજનનો આ પુષ્ટિભક્તિ માર્ગજ સ્નેહાત્મક છે તેથી પુષ્ટિમાં સર્વ કાર્ય સ્નેહ સંયુક્ત જ હોવાં જોઇયે. વિના સ્નેહની સેવા પ્રભુ અંગીકાર કરતા નથી તેથી ગુસાંઇજીએ પણ આવા પ્રકારનું સ્નેહ પ્રભુમાં રાખી પ્રભુની સેવા સ્નેહ સંયુક્ત આપણને કરી બતાવીને શીખવી છે તો એવી રીતે શ્રીગુસાંઇજી 'શ્રીનાથજીની સેવા કરતાંમાં શ્રીનાથજીમાં શ્રીગુસાંઇજીનો સ્નેહ કેવો હતો તેનું વિવેચન નીચે મુજબઃ

શ્રીમહાપ્રભુજીએ વધારે ભાગે અડેલમાં સ્થીર નિવાસ કરેલો છે તેમ શ્રીગુસાંઇજીએ શ્રીગોકુલમાં નિવાસ કરેલો છે. તેમના સેવ્ય સ્વરૂપ શ્રીનવનીતપ્રીયાજી શ્રીગોકુલમાં બિરાજતા અને શ્રીનાથજી શ્રીગીરીરાજજીમાં બિરાજતા એવી રીતે જુદા જુદા ઠેકાણે બિરાજવાનું કારણ એકે જ્યારે આપશ્રી ગોકુલ હોય ત્યારે શ્રીનાથજી સંબંધી આરતી થાતી અને શ્રીગીરીરાજજીમાં હોય ત્યારે શ્રીનવનીતપ્રીયાજી સંબંધી આરતી થાતી તો જીવને પ્રભુ સંબંધી આર્તિ હંમેશા રહેવી જોઇયે એ સૂચવ્યું. એવી ઉત્કૃષ્ટ આરતીને લીધે એકાદ દિવસને અંતરે શ્રીગોકુલથી શ્રી ગિરરાજ અને શ્રી ગીરીરાજથી શ્રી ગોકુલ આપ પધારતા એવા સમયમાં આપને શ્રીનાથજીનો એકાદ દિવસનો વિરહ તે યુગ જેવડો લાગતો તે વિષે આખ્યાનમાં કહેલ છે કે ( દિવસ એકાદનો વિરહ તે યુગ સમો નિરાંજંન મિષે રૂપ હૃદય ધરવા ) આવા પ્રકારની પ્રીતી શ્રીગુસાંઇજીની શ્રીનાથજીમાં હતી તેથી કહ્યું જેઃ—

## એસી પ્રીતી કહું નહી દેખી.

અર્થ:—એવી પ્રીતી ક્યાંય દીઠી નથી એમ અષ્ટસખાંમાં ગોવિંદદાસજી વર્ણન કરે છે. હવે આ ઠેકાણે એક શંકા થાય છે કે પ્રીતી કાંઈ દશ્યમાન વસ્તુ નથી છતાં ક્યાંય દીઠી નથી એમ કેમ ગાયું? તો તેના સમાધાનમાં કહેવાનું કે એ અલૌકિક સ્નેહ છે તે સ્વરૂપાત્મક છે. પ્રભુએ કહેલ છે જે સ્નેહ છે તે મારૂં સ્વરૂપ છે જેના અહોભાગ્ય હોય તેમને દશ્યમાન થાય. ગોવિંદદાસજી જેવા માહાનુભાવીઓને તેમનાં સાક્ષાત દર્શન થાય તેથી તેમણે ગાયું જે આવી પ્રીતી ક્યાંય દીઠી નથી. વળી સાધારણ રીતીથી એવો પણ અર્થ થાય છે સ્નેહની ઉત્પત્તિ નેત્રોદ્વારા થાય છે. તેમ સ્નેહ કેટલો છે તેની પરિક્ષા પણ નેત્રોદ્વારા તેમનું પરિવર્તન જોયાથીજ થાય છે તેથી કહ્યું જે એવી પ્રીતી ક્યાંય દીઠી નથી. કેવી તે આગળ કહે છે જે ( યશોમતિ સુત શ્રી વલ્લભ સુત જેસી શેષ સહસ્ત્રમુખ જાત ન લેખી ) અર્થ:— શ્રીયશોદાજીના પુત્ર શ્રી ઠાકોરજી અને શ્રીગુસાંઇજીની પરસ્પર જેવી પ્રીતી છે, તેવી પ્રીતી ક્યાંય દીઠી નથી. શેષજી પોતાના હજાર મુખથી એ પ્રીતીનું વર્ણન કરે તો પણ તે લેખી ન જાય. હવે એ કીર્તનના બીજા ચરણનો પુર્વાર્ધ કહે છે કે ( આજ્ઞા માગ ચલે શ્રીગોકુલ ફિર ફિર ઝાંક ઝરોખન પેખી ) અર્થ જ્યારે શ્રી ગુસાંઇજી શ્રીગિરીરાજ પધાર્યા હોય ત્યારે એકાદ દિવસ ત્યાં રહી પાછા શ્રીગોકુલ પધારતી વખતે શ્રીનાથજીની આજ્ઞા લઇને પધારે છે, છતાં પણ શ્રીગુસાંઈજી પધારતી વખત શ્રી નાથજી ઝરોખામાંથી ઝાંકી ઝાંકીને પણ શ્રી ગુસાંઈજી તરફ જુએ છે કારણ કે પરસ્પર સ્નેહ છે તેથી તેમના સામુ જોયા કરે છે.

હવે બીજા ચરણનો ઉત્તરાર્દ્ધ કહે છે કે:—

( સુનિયત કથા જલદ ચાતકકી કુમુદિની ચંદચકોર વિશેખી )

**અર્થ**:—લૌકિકમાં પણ પ્રીતીવાળા ઘણા છે. તેમાં કેટલાકના નામ અત્રે ગણાવ્યા છે. એકતો ઘન ચાતકની પ્રીતી કેવી છે પ્રથવી માથે કેટલા નિર્મલ જલ છે તેની કોઇની તે ચાહના ન કરતાં કેવળ ઘનનીજ અનન્ય ચાંહના કરે છે અને કુમુદિની કેતાં ચંદ્ર વિકાસી કમલની પ્રીતી ચંદ્રમા સાથે હોય છે તેથી ચંદ્રોદય થાય ત્યારેજ તે ખીલે તે સિવાય નહિ ખીલે એ તેની અનન્યતા તેમજ ચકોર પક્ષી છે તે ચંદ્રમા સામુજ જોઇ રહે છે બીજા સામુ જોતો નથી એ એના સ્નેહની અનન્યતા છે. એવી રીતે ઘન ચાતક કુમુદિની ચંદ અને ચંદચકોરની પ્રીતી પણ અનન્ય અને અસાધારણ છે છતાં પણ શ્રીનાથજી અને શ્રીગુસાઇજીની પ્રીતી જે પરસ્પર છે તે એથી પણ વિશેષ છે.

હવે એ કીર્તનના ત્રીજા ચરણના પુર્વાર્દ્ધ કહે છે કેઃ—

( ઇનકો કીયો સબેં જીય ભાવત કરત શ્રંગાર વિચિત્ર વિશેખી )

ઇનકો કેતાં શ્રીગુસાંઇજીનું કરેલું સર્વે શ્રીનાથજીને ભાવે છે એટલે પ્રીય લાગે છે. તેનું કારણ કે સ્નેહીનું કરેલું સામા સ્નેહીને પ્રિય લાગેજ સિવાય શ્રીગુંસાઇજી નિત્ય પ્રતિ નવીન નવીન વિચિત્ર ભાંતિના શ્રંગાર પ્રભુને ધરાવે છે તેથી શ્રીનાથજી બહુજ પ્રસન્ન રહે છે. ભોગ રાગ અને શ્રંગાર પુષ્ટિમાર્ગના જેવું થવાનું નથી, હજી પણ આજ દિન સુધી શ્રીવલ્લભકુલના બાલક અથવા બહુ બેટીઓ જ્યારે શ્રંગાર ધરાવે છે ત્યારે એવા તો અલૌકિક દર્શન થાય કે ત્યાંથી આઘા ખસવાનું મનજ ન થાય. તેમજ પ્રભુને અનેક પ્રકારની તરેતરેની સામગ્રી સિદ્ધ કરી અંગીકાર કરાવવામાં આવે છે. તેમાંથી ઘણીઘણી

તરાઓના નામ પણ કાને સાંભળવામાં નહી આવ્યા હોય તો તેવો ભોગ બીજે આવેજ ક્યાંથી અને કીર્તનોમાં અષ્ટસખાયે જે પ્રભુના ગુણાનુંવાદ ગાયા છે એવો ગાન પણ ચાય તેવા નિપુણ ગવૈયાથી નથી થાવાનું. તાનસેન મોટો ઉસ્તાદ ગવૈયો હતો. તેને શ્રીગુસાંઇજીએ ગાવાનું કહ્યું ત્યારે તો ગોવીંદ સ્વામી શ્રીગુંસાઇજી આગળ ગાન કરી રહ્યા હતા અને તાનસેન આવ્યો એટલે તેને પણ ગાવાનું આપે કહ્યું ત્યારે તાનસેને કહ્યું જે મહારાજાધરાજ મખમલને કાંઇ ગુણીયાંના થીગડાં દેવાય. એટલે તેમનો કહેવાનો મતલબ એ છે જે ગોવિંદસ્વામીનું ગાન મખમલના જેવું છે અને તેમની આગળ મારૂં ગાન ટાટ એટલે ગુણીયાં અથવા બારદાન જેવું છે. એટલે મંખમલને કાંઇ ગુણીયાના થીગડાં દેવાય? તો અષ્ટસખાનું ગાન પણ ક્યાંય થવાનું નથી કારણ કે અષ્ટસખા પ્રભુના અષ્ટ અંગ રૂપ હતા તેથી તેમનું ગાન રસરૂપ હોય તેમાં કહેવું શું.

હવે ત્રીજા ચરણના ઉત્તરાર્દ્ધમાં કહે છે કે—

(ગોવિંદ ગોવર્ધનપેં માંગત બિછુરેપલ છીન અર્ધ નિમેખી) (૨)

અર્થ—આ કીર્તનની સમાપ્તીમાં ગોવિંદસ્વામી કહે છે. પ્રભુથી છુટા પડવાપણું અર્ધ નિમિષ આંખની પાંપણ બીચાયને પાછી ખુલે તેનો અરધા સમય સુધી પણ ન થાઓ એવી રીતે હરિદાસ વર્ય એવા ગિરિરાજજી પાસેથી માંગણી કરી છે.

(સંપૂર્ણ.)

# આશ્રયનું કીર્તન.

## રાગ—બિહાગ.

ભજ સખી ભાવ ભાવિક દેવ,
કોટિ સાધન કરો કોઉ તોઉ ન માને સેવ. (૧)
ધૂમ કેતુ કુમાર માંગ્યો કોન મારગનીતી,
પુરૂષતેં ત્રીય ભાવ ઉપજયો સબે ઉલટી રીતી. (૨)
બસન ભૂષણ પલટ પેહેરેં ભાવકે સંજોગ,
ઉલટ મુદ્રા દઈ અંકન વરણ સૂધે હોય. (૩)
વેદ વિધિકો નેમ નાહીં પ્રીતકી પહેંચાન,
વ્રજવધુ બસ કીયેં મોહન સૂર ચતુર સુજાન. (૪)

(ભજ સખી ભાવ ભાવિક દેવ) એક સખી બીજી પ્રતી કહે છે જે આપણા પ્રભુ ભાવિક દેવ છે તેનું સ્મરણ ભજન ભાવસહિત કર.

આપણા પ્રભુ પુષ્ટિ પુરૂષોતમ ભાવાત્મક છે તેથી ભાવિક દેવ કહેવાય છે ને ગોપીજનનો આ પુષ્ટિ ભક્તિમાર્ગ પણ ભાવાત્મક છે. હવે ભાવ એટલે શું. પ્રીતી, સ્નેહ, પ્રેમ એ બધે ભાવ શબ્દના અર્થ છે. તો સ્નેહ અથવા ભાવ એ સર્વોપર વસ્તુ છે. તે લૌકિક સ્નેહ છે તે તુચ્છ છે. પ્રભુ સંબંધી સ્નેહ તેજ સર્વોપર પદાર્થ છે, તે વિષે પંચામૃત ગ્રંથમાં વ્યાસ બાવા કહે છે જે—

(સરસ હોય સો જડ ભલો તાકો કહે દુઃખ રોય, નિદુઃખ ભયો કહા કામકો જા ઘટ રસ નહી હોય) વ્યાસ બાવા કહે છે જે (સરસ) એટલે રસસહિત હોય તે જડ હોય અથવા જડ જેવો હોય તો પણ સારો કારણ પ્રભુના રસિક જન એટલે સ્નેહીજન છે તેમને

પ્રભુના વિયોગ સંબંધી પીડા અથવા જે દુઃખ થાય છે તે પોતાના જેવો રસીકજન મળે તો તેની આગળ એ પોતાનું દુઃખ રોઈ રડીને પણ કહેવાય. પણ લૌકિક વિશેષ દુઃખથી ભરેલો શું કામનો કે જેના ઘટમાં રસ એટલે પ્રભુ સંબંધી સ્નેહ ન હોય તે શું કામનો? એટલે તે રસિક જનને કશા ઉપયોગનો નથી. વળી પંચામૃત્તમાં કહેલ છેઃ—

(જલ ન ડુબાવે કાષ્ટકો કહો કહાંકી પ્રીત્તી અપનો સીંચ્યો જાનકે યહ બડેનકી રીતી) જલ કાષ્ટને ડુબાવતો નથી, તો કાષ્ટની અને જલની ક્યાંની પ્રીતી છે એમ શંકા થાય તો કહે છે કે જલના સીંચનથી કાષ્ઠ થયો છે તેથી જલ તેને તારે છે પણ ડુબાવતો નથી એ મોટા પુરૂષોની રીતી છે, આ ઉપરથી એમ સમજવાનું છે કે જડ પદાર્થોમાં એટલી સ્નેહની અસર છે તો આપણામાં કેટલી જોઇયે.

આપણા પ્રભુ સ્નેહે કરીને પુરિપુર્ણ છે તેથી ભાવિક દેવ કહેવાયા. કહેવત છે કે (જલ કુવામાં હોય તો અવાડામાં આવે તેવી રીતે ભાવ પ્રભુમાં સંપૂર્ણ હતો તો તેમના દાન કરવાથી ભાવ નામની વસ્તુ ગોપીજનમાં પણ આવી. ભાવની ઉત્પત્તીજ પ્રભુથી છે તો એ ભાવિક દેવની પ્રાપ્તી પણ ભાવવિના ઇતર કોઇ પણ પ્રકારથી ન થાય. સૂરદાસજી લીલામાં ચંપકલતા સખી હતા તેથી તે ભાવમાં મગ્ન થઈ બીજી સખીને સંબોધી શરણસ્થ જીવો પ્રતી કહે છે જે હે સખી આપણા અલૌકિક પ્રાણ પ્રતિ એવા પ્રભુ જે ભાવીક દેવ છે તેમનું સ્મરણ ભજન ભાવ સહિત કર. હવે આ ઠેકાણે ભજ શબ્દ કહ્યો છે તે ભજ સેવાયાં ધાતુ છે તેનો અર્થ સેવા અને ગુણગાન બન્ને થાય છે એટલે ભાવ શહિત પ્રભુની સેવા અને ગુણગાન કર.

ભજ શબ્દનો અર્થ સેવા અને ગુણગાન બન્ને થાય છે. (મંગલાથી રાજભોગ સુધી અને ઉત્થાપનથી સેન સુધી) સેવા કરતાં સંયોગ રસનો અનુભવ કરવો અને રાજભોગ પછી અને સેન પછી અનોસરમાં વિપ્રયોગ રસનો અનુભવ જેમ ગોપીજનો (વેણુગીત યુગલગીત ગોપીકાગીત) ગાઇને કર્યો તેમ કરવો. તે ગુણગાન સમજવું માટે સેવા અને ગુણગાન બન્ને કરવા તે પણ ભાવ સહિત કરવા, ભાવ વિના સર્વ નકામું છે. તેથી ભાવસહિત ભજવાનું કહ્યું છે. હવે પ્રથમ ચરણનું ઉત્તરાર્દ્ધ કહે છે.

(કોટિ સાધન કરો કોઉ તોઉ ન માને સેવ; આ પ્રથમ ચરણના પુર્વાર્દ્ધમાં કહ્યું જે ભાવિક દેવનું ભાવસહિત સ્મરણ ભજન કર, તે પ્રમાણે ભાવસહિત સ્મરણ ભજન ન કરતાં કોઈ કોટાન કોટિ સાધને કરીને ભજે તો તેને પ્રભુ પોતાની સેવા તરીકે માનતા નથી.

અને ભાવ કહેતાં સ્નેહ સહીત કરેલી (રાઈ જીતની સેવાકો ફલ માનત મેરૂ સમાન) રાઈ જેટલી સેવાને પણ પ્રભુ મેરૂ પર્વત સમાન માની લીયે છે.

હવે એ કીર્તનનો બીજો ચરણ કહે છે કેઃ—

ધૂમકેતુ કુમાર માગ્યો કોન મારગ નીતી;
પુરૂષ તેત્રીય ભાવ ઉપજ્યો સબે ઉલટી રીતી.

સોળ હજાર અગ્નિકુમાર દંડકારણ્યમાં તપશ્ચર્યા કરતા હતા. ત્યાં રામચંદ્રજી પધારી તેમને દર્શન દીધા અને વરદાન માગવાને કહ્યું. તે વખતે રામચંદ્રજી મર્યાદા પુરૂષોતમ હોવાથી તેમનું કોટિ કંદર્પ-લાવણ્ય સ્વરૂપ જોઇને અગ્નિકુમારો મોહને પ્રાપ્ત થયા અને એ માગ્યું કે, અમે તમારી દાસીઓ થઇયે. ત્યારે રામચંદ્રજીએ કહ્યું છે જે

સારસ્વત કલ્પને વિષે કૃષ્ણાવતાર સમયે તમારો અંગીકાર થશે. એમ વરદાન આપ્યું. તો ધૂમકેતુ કહેતાં એ અગ્નિકુમાર પુરૂષ હતા, છતાં સ્ત્રીભાવ ઉત્પન્ન થયો. એ પુષ્ટિ ભક્તિમાર્ગની રીતી બીજા માર્ગોથી ઉલટા પ્રકારની છે.

હવે ત્રીજે ચરણ કહે છેઃ—

બસન ભૂષણ પલટ પહેરે ભાવ કે સંજોગ;
ઉલટ મુદ્રા દઈ અંકન બરન સુધે હોય.

**અર્થ**—પ્રભુએ જ્યારે મોરલી નાદ કર્યો, ત્યારે ગોપીજનો પ્રભુના ભાવમાં નિમગ્ન થઈ ગયા, તેથી તેમને ભાન રહ્યું નહીં. એટલે ઉતાવળથી વસ્ત્રાભુષણ આડાઅવળાં ધારણ કરી લીધા. પણ તે પ્રભુ સન્મુખ જતાં સવળાં થઈ ગયાં તે કેમ કે જેમ છાપમાં ઉંધા અક્ષર કોતરેલા હોય છે. પણ તે કાગળમાં છાપે ત્યારે જેમ સવળાં થઈ જાય છે, તેમ ગોપીજનના અવળાં વસ્ત્રાભુષણ પ્રભુ સન્મુખ જવાથી સવળાં થઈ ગયાં તો પ્રભુ સન્મુખ રહેનારનું પ્રભુ સંબંધી કાર્ય અવળું હોય તો પણ ભગવન્ સન્મુખતાથી સવળું થઈ જાય.

હવે એ કીર્તનનો **ચોથો ચરણ** કહે છેઃ—

વેદ વિધિકો નેમ નાહીં પ્રીતીકી પહેંચાન;
વ્રજબધુ બસ કીયેં મોહન સૂર ચતુર સુજાન.

**અર્થ**—વેદમાં જે કરવાનું કહ્યું હોય તે વિધી કહેવાય છે, અને જે ન કરવાનું કહ્યું હોય તે નિષેધ કહેવાય છે. તો કહે છે કે, ભાવિક દેવને વેદની વિધીથી પણ જાણ્યા નથી જાતા. એ તો કેવળ પ્રીતીએ કરીને પહેંચાન્યા જાય તેમ છે. વ્રજવધુ કહેતાં ગોપીજનોએ કેવળ પ્રીતીએ કરીનેજ એ ચતુર સુજાન અને મોહન એવા પ્રભુને

વસ કીધા. હવે આ ઠેકાણે મોહન શબ્દ શા માટે કહ્યો છે, પ્રભુ છે તે આખા વિશ્વને મોહ પમાડનાર છે. તેવા પ્રભુને પણ ગોપીજનોએ પ્રેમ વડે મોહીત કરી વસમા કરી લીધા. તે વિષે રાસ પંચાધ્યાયીમાં ગોપીજનો પ્રતી પ્રભુએ કહેલ છે કે, ( સકલવિશ્વ આપ વશકર મોહી માયા સોહત હેં, પ્રેમમયી તિહારી માયાસો મોહી મોહત હે. ) પ્રભુ કહે છે જે મારી માયાએ કરીને આખા વિશ્વને મેં મોહિત કરી લીધા છે. પણ ગોપીજનોને કહે છે જે હે ગોપીજનો ! આ પ્રેમમયી તમારી માયાએ મને પણ મોહી લીધો છે. તો પ્રભુ ચતુર શીરોમણી હોવા છતાં પ્રેમના વશમાં થઈ ગયા, પ્રેમ વિના કોઇ પણ પ્રકારથી વશમાં ન થાય.

( સંપુર્ણ )

## હિલગનું કીર્તન.

( રાગ ધન્યાશ્રી. )

હોં નંદલાલ વિના ન રહું ॥
મનસા વાચા ઓર કર્મણા હિતકી તોસોં કહું. (૧)
જો કછુ કહો સોઇ શિર ઉપર સોહોં સબે સહોં ॥
સદા સમીપ રહોં શ્રીગિરિધરકે સુંદર વદન ચહું. (૨)
યહ તન અર્પણ હરિકોં કીનો વહ સુખ કહા લહું ॥
પરમાનંદ મદનમોહનકે ચરણ સરોજ ગહું. (૩)
હોં નંદલાલ વિના ન રહું:—

**શબ્દાર્થ**—એક વિરહી વ્રજભક્ત પોતાના જેવા ભાવવાળા બીજા વ્રજભક્ત પ્રતિ કહે હું નંદલાલ વિના નથી રહી શકતી.

**ટીકા**—અત્રે પ્રથમં (હોં) શબ્દ કહ્યો છે તે તો અભિમાનવાચક છે તે કેમ કહ્યો હશે એવી શંકા થાય તો ત્યાં કહે છે એ ભક્ત પોતે અનુભવી રહેલી પોતાની દશા પોતેજ જાણી શકે છે. બીજો કોઈ જાણી નથી શકતો તો પોતાની દશાસૂચન કરવાને ખાતરજ અત્ર હોં શબ્દ કહ્યો છે. સિવાય તેમાં અભિમાન તો શું પણ અભિમાનની ગંધ સુદ્ધાં તેમાં નથી. વળી એમ પણ શંકા થાય છે જે પોતાની દશા બીજાની આગળ કહેવાનું પ્રયોજન શું ત્યાં જાણવાનું કે ભકતજનોને પ્રભુના વિરહમાં પારાવાર પીડા થાય છે તે જ્યારે પોતાના જેવા ભાવવાળી બીજી મળે તેની આગળ પોતાનું દુઃખ રોઈ રડીને કહે ત્યારેજ તેને કાંઇક આશ્વાસન મળે છે, તેથી કરીને કહેવું પડે છે. કહ્યા સિવાય (સ્વસ્થતા નહીં મલતી હોવાથી) તેનાથી રહી શકાતું નથી. પછીનો શબ્દ (નંદલાલ) છે તો એ વ્રજભક્ત કહે છે જે નંદલાલ આપણા સર્વના અલૌકિક પતિ છે. શાસ્ત્રમાં પતિ શબ્દના અર્થની તપાસ કરીશું તો જણાશે કે કાલ કર્માદિકના ભયથી મુકત કરે તેજ પતિ કહેવાય તો તેવી સામર્થ્ય તો કેવળ પ્રભુમાં છે. બીજા કોઇમાં નથી. માટે નંદલાલ એવા પ્રભુ આપણા સૌના અલૌકિક પતિ છે. તેમના વિના ન રહી શકાય તો પતિવૃતા સ્ત્રીને પોતાના અલૌકિક પતિ વિના ન રહી શકાય. એનાથી વળી ઉત્તમ બીજું શું હોઈ શકે? કાંઇજ નહીં એજ એના માટે સર્વોપર દશા છે તે પોતે અનુભવી રહી છે, તેનું સૂચન બીજી સખીને સંબોધી શરણસ્થ જીવ પ્રતિ કહે છે જે પ્રભુ વિના આપણાથી ન રહી શકાવું જોઇએ.

હવે એ વ્રજભક્તને પોતાની દશા પોતાના જેવા ભાવવાળી

બીજી સખીને કહી સંભળવે છે તે કેવી રીતે એ પ્રથમ ચરણના ઉતરાર્દ્ધમાં કહે છે કેઃ—

(મનસા વાચા ઔર કર્મણા હિતકી તોસેં કહું.) શબ્દાર્થ— એ વ્રજભક્ત પોતાની દશા જે બીજી સખીને કહી સંભળાવે છે તે કેવી રીતે કહે છે કે, મન કર્મ અને વચન. એ ત્રણેની એકતાથી હિતની વાત કહે છે. હવે સંસારી જનોનું કહેવું કેવા પ્રકારનું હોય છે કે મનમાં હોય એક વચનમાં, વળી બીજું અને ક્રીયામાં, વળી ત્રીજું એ તો કપટરૂપ ગણાય; તે લૌકિકમાં પણ સુદ્ધ નથી ગણાતું. તો અલૌકિકમાં તેવા પ્રકારનું કહેવું કેમ શુદ્ધ ગણાય. શુદ્ધતા તો મન વચન અને કર્મ એ ત્રણેની એકતા વિના ન થાય, તેથીજ એ વ્રજભક્તે મન વચન અને કર્મ એ ત્રણેની એકતા કરીને કહેલું છે. એ ગોપીજનનું કહેવું અતિ ઉત્તમોત્તમ પ્રકારનું છે. આપણા આ પુષ્ટિ–ભક્તિમાર્ગમાં ગોપીજનની જેવી રીતી રાખેલ છે અથવા પુષ્ટિભક્તિમાર્ગજ ગોપીજનનો છે. વ્રજભક્તનું કહેવું એટલે વાણીનો ઉચ્ચાર જ્યારે મન કર્મ વચન એ ત્રણેની એકતાથી છે તો પછી પુષ્ટિમાર્ગમાં તમામ કાર્ય મન વચન કર્મ એ ત્રણેની એકતાથીજ હોવા જોઇએ. એ ત્રણેની એકતા વિના પુષ્ટિ–ભક્તિમાર્ગમાં એક ડગલું પણ ન ભરી શકાય. એ ભાવ પણ ઉપલા વાક્યમાં સમાયલો છે. તે પછી (હિત) શબ્દ છે એ વ્રજભક્ત કહે છે જે આપણા હિતની વાત હું તને કહું છું. હવે અલૌકિક પતિ એવા પ્રભુ વિના ન રહેવાય. એના જેવું હિત પતિવ્રતાને માટે કયું હોઈ શકે ? કોઈજ નહીં, એજ મોટામાં મોટું હિત છે. તો (હિતકી તોસો કહું) એટલે તને કહું છું. એમ કહ્યું તેનું કારણ કે, હિતની વાત પોતાની હિતુ હોય તેની

આગળજ કહી શકાય. બીજાની આગળ ન કહેવાય, તેથી પોતાની હિતુ હતી તેને એ વાત સાંભળવાની યોગ્યતા હોઈ શકે. બીજાને નહીં તેથી કહ્યું કે તું મારી હિતુ છો, તેથી હિતની વાત તને એટલે તારી આગળજ કહું છું. બીજાની આગળ હિતની વાત નજ કહેવાય એ ભાવ પણ સમાયલો છે.

હવે બીજા ચરણનો પુર્વાર્દ્ધ કહે છે કે—

( જો કછુ કહો સોઈ શિર, ઉપર સો હોં સએં સહોં ) આ વ્રજભક્ત કહે છે જે આપણા અલૌકિક પતિ એવા પ્રભુ વિના મારાથી જે નથી રહી શકાતું એ દશા સર્વોપર છે. જેનાં અહોભાગ્ય હોય તેને આવી દશા પ્રાપ્ત થાય છે પણ તે સંસારી જનને નહીં ભાવે કહેવત છે કે ( ભક્ત જગતકી બાતમે હોત પરસ્પર વેર, વે વાકું મીઠી કહે વે વાકું કહે જેર. ) અર્થ—ભક્ત અને જગત એટલે દુનીયાના લોકો અથવા સંસારી જનોની વાતોમાં પરસ્પર વિરૂદ્ધતા હોય છે. સંસારી જનોને જે અમૃત જેવું પ્રીય હોય છે તે ભક્ત જનને કડવું ઝેર જેવું લાગે છે અને ભક્ત જનને અમૃત રૂપ હોય તે સંસારી જનને ન સોહાય એ રીતીજ છે તેથી તેઓ આડી અવળી વાતો મારા વિષે કરશે તે ભલે કરે. તેની મને દરકાર નથી. તેઓ જે કાંઈ કહેશે તે હું સર્વ મારા મસ્તક ઉપર ચડાવી લઈશ અને સહન કરી લઈશ પણ અમુક કાર્ય કરીશ તે એ ચરણના ઉત્તરાર્દ્ધમાં કહે છે કે—

( સદા સમીપ રહોં શ્રીગિરિધર કે સુંદર વદન ચહું, ) સદા સર્વદા પ્રભુની સમીપમાં રહ્યા કરીશ અને શ્રી ગિરિવર એવા પ્રભુના મુખાર્વિંદના અવલોકનની ચાહના સદા કરીશ. હવે સમીપ શબ્દનો એવો

પણ ભાવાર્થ થાય છે જે ભલે પ્રભુથી દૂર હોય પણ અષ્ટ પ્રહર પ્રભુનું જો સ્મરણ રહ્યું આવે તો તે દૂર નથી પાસેજ છે તે વિષે પંચામૃતમાં વ્યાસ બાવાએ કહેલ છે કે—

( સજ્જન યોં મતિ જાનીયો દૂરદેશકો, વાસ નેનનકો અંતર ભયો પ્રાન તુમારે પાસ. ) અર્થ—વ્યાસ બાવા કહે છે કે હે સજ્જનો ભગવદીઓના સજ્જન ભક્તજનજ હોય તો ભક્તજન પ્રતી એમનું કહેવું છે જે તમારા મનમાં એવી શંકા ન લાવવી જે જેની સાથે સ્નેહ છે એવા પ્રભુ આપણાથી દૂર છે એમ ન જાણવું. નેત્રોને માત્ર અંતર છે પણ આપણા પ્રાણ તો તેમની પાસેજ છે. વળી કહ્યું છે જે ( જલમે વસે કુમુદિની ચંદા બસે આકાશ, જોજન જાકે મન બસે સોજન તાકે પાસ. ) અર્થ—કુમુદિની કેતાં ચંદ્ર વિકાસી કમલ તો જલમાં વસે છે અને એમણે જેની સાથે સ્નેહ કર્યો છે એવો ચંદ્રમા આકાશમાં વસે છે તો ક્યાં પૃથવી માથેનું જલ અને ક્યાં આકાશમાનું ચંદ્રમાં પાર વિનાનું દૂર છે છતાં એ કમલનો સ્નેહ ચંદ્રમા સાથે છે તેથી ચંદ્રમા તેના મનમાં વસે છે તો જે જન જેના મનમાં વસે તે તેની પાસેજ છે. તો આંપણું મન પ્રભુમાં હોય અને અષ્ટપ્રહર પ્રભુનું સ્મરણ રહે તો પ્રભુ દૂર હોય તોપણ તે દૂર નથી પાસે છે અથવા સમીપમાં છે. એમજ કહી શકાય કારણ કે મનમાં વસી રહ્યા છે માટે પાસેજ છે તેથી ગોપીજને કહ્યું કે શ્રીગીરીધર એવા પ્રભુની સમીપમાં રહું અને તેમના સુંદર એવા મુખાર્વિંદની ચાહના કરૂં એમ કહ્યું કારણ કે પ્રભુનો મુખાર્વિંદના જેવી સુંદરતા ત્રીલોકીમાં ક્યાંય નહી મળે સર્વોત્કૃષ્ટ એ સુંદરતા છે. પ્રભુના સર્વાંગ અતિ સુંદર કોટિકંદપ લાવણ્યના

જેવા સુંદરતાવાળા છે તો પછી આપના મુખાર્વિંદની સુંદરતાનું શું કહેવું ? અધિકાધિક અપાર સુંદરતા છે તેથી કહ્યું કે પ્રભુના સુંદર એવા વદન કેતાં મુખાર્વિંદાવલોકન એટલે મુખર્વિંદના દર્શનની ચાહના તો કરીશ. હવે અત્રે પ્રભુના સર્વાંગ સુંદર છે છતાં મુખાર્વિંદના દર્શનની ચાહના શા માટે કરી છે કે મર્યાદાભક્તિ છે તે ચરણાત્મક છે અને પુષ્ટિ ભક્તિ છે તે મુખાર્વિંદાત્મક છે. તેમ ચાહના કરવાવાળા પુષ્ટિભક્ત ગોપીજન છે તેથી તેમણે મુખાર્વિંદની ચાહના કરી છે. તે પણ કેવી રીતે કે એ કાર્ય મારૂ સિદ્ધ થવાને માટે લૈકિક જનો કડવાં વચન અથવા જે કાંઇ કહેશે તે મારા મસ્તક ઉપર ચડાવી અને સહન કરી લઇશ પણ પ્રભુની સમીપ રહી આપના મુખાર્વિંદનાં દર્શન તો અવશ્ય લોક સંકોચ તજીને પણ કરીશ. કારણ કે જો લોક લજ્જાને સંભાળવા જઇએ તો પ્રભુનું મળવું થાતું નથી. તે વિષે એક કીર્તનમાં કહેલ છે કે (લાજ કીયે દુઃખ પાઇયે બિન મિલે હોય અકાજ) અર્થ—લોક લજ્જા કરેથી પ્રભુનું મળવું ન થાય એટલે આપણું અકાજ થાય અને દુઃખ થાય તેથી લોકલાજ તજીને પ્રભુને મળવું. તેમ આ ભક્ત પણ બધું સહન કરીને પણ પ્રભુના મુખારવિંદની ઝાંખી કરીશ એમ કહ્યું એને શ્રી મહાપ્રભુજી પણ પ્રભુના મુખ રૂપ છે તે વિષે સર્વો-
ત્તમજીમાં આપનું નામ (શ્રીકૃષ્ણાસ્ય) શ્રી ગુસાંઇજીએ કહેલ છે તેમની ચાહના કરવી. હવે એ કીર્તનના ત્રીજા ચરણનું પુર્વાર્ધ કહે છે કે—

(યહ તન અર્પણ હરિકો કીનો વહુ સુખ કહા લહુ) એ વ્રંજ ભક્ત કહે છે જે આ દેહ પ્રભુને અર્પણ કરી તે સંબંધી સુખ જે પ્રાપ્ત થયું તેનું વર્ણન થઇ શકે તેમ નથી કારણ કે તે વખતે તો અવ-
તાર દશા હતી તેથી વ્રજભક્તો પોતાની દેહ સાક્ષાત અર્પણ કરી હતી તેથી તે અર્પણ કર્યા સંબંધી જે સુખ થયું તે સુખનું વર્ણન ન

થઈ શકે એમ કહ્યું પણ હમણાં તો અનવતાર દશાનો સમય છે તો આ વખતમાં આ દેહનું અર્પણ કેમ થાય કે આપણે બ્રહ્મસંબંધ લેતી વખતે દેહ, પ્રાણ, ઇંદ્રીય, અંતઃકરણ, સ્ત્રી, ઘર, પુત્ર, દ્રવ્ય, આત્મા સહિત સર્વ પ્રભુને અર્પણ કરી ચુકયા છીએ. ત્યારથી સર્વ પ્રભુનું છે, આપણું કાંઇ નથી. છતાં પણ સર્વમાં પોતાપણાનું મમત્વ રાખી બેઠા છીએ એજ ખોટું છે. આવું ખોટું મમત્વ શાથી થાય છે કે આપણે અર્પણ કેવળ વચનથી ગદ્યનો શ્લોક બોલીનેજ માત્ર કરેલું છે. તેને અનુસરીને મનથી અને ક્રીયાથી જો અર્પણ હમેશાં કરતા રહીયે તો અર્પણ મન કર્મ અને વચન ત્રણેની એકતાનું થાય. તેવા પ્રકારથી જો દેહ હમેશાં ત્રણેની એકતાથી હરીસેવામાં જો લાગી રહે તો તે અર્પણ સાચો અથવા પરિપકવ દશાનો કહેવાય. તેવા પ્રકારથી જો આ દેહ અર્પણ કરાય તો પછી તે દેહને જે કાંઈ સુખ થાય તેનું વર્ણન ન થઈ શકે. વર્તમાનકાળમાં પણ તેવા પ્રકારથી જે અર્પણ કરે છે, તેને અપુર્વ સુખ મળે છે તે તેજ જાણી શકે. કારણ કે, જેને જે વાતનો અનુભવ થાય તે તે વાતને જાણી શકે બીજો ક્યાંથી જાણી શકે તેથી શ્રીયમુનાજીના પદમાં કહ્યું છે કે, ( અનુભવી વિના અનુભવ કહા જાનહીં, જાકો પિયા નાહી ચિત્ત ચોરે. ) અર્થ–જ્યાં સુધી જેને અનુભવ નથી થયો તો તે જન વિના અનુભવની વાતને શું જાણી શકે ? અનુભવી હોય તેજ જાણી શકે; વિના અનુભવી નજ જાણે. અનુભવ કોને થાય કે જેનું ચિત્ત પ્રભુએ ચોરી લીધું હોય, એટલે જેનું ચિત્ત અષ્ટપ્રહર પ્રભુમાં લાગેલું હોય તેને અનુભવ થાય. બીજાને ન થાય. માટે બ્રહ્મસંબંધમાં દેહ પ્રભુને વચનથી અર્પણ કરી ચુક્યા છીયે, ત્યાર પછીથી આ દેહ પ્રભુની છે, માટે અષ્ટપ્રહર મન, કર્મ, વચનથી પ્રભુસેવામાં વિનિયોગ રાખીયે તો પછી એ દેહને જે અપુર્વ સુખ મળે તે કહ્યુ ન જાય. તો એવા સુખ મળવાનો ઉપાય એ છેલ્લા

ચરણના ઉતરાર્ધમાં કહે છે કે, (પરમાનંદ મદનમોહનકે ચરણ સરોજ ગહું.) આ કીર્તનની સમાપ્તીમાં પરમાનંદદાસજી કહે છે જે ઉપર વર્ણન કરી આવ્યા તે દેહ અર્પણનું અપુર્વ સુખ પ્રાપ્ત થવું એ સાધન સાધ્ય નથી, પણ કૃપાસાધ્ય છે. માટે આપણે તો પ્રભુનું ચરણશરણ જો દૃઢ રીતે ગ્રહણ કરશું તો તે પ્રભુ દયાળુ છે. માટે દયા આણી જરૂર કૃપા કરશે. આપણને એ વસ્તુ દુર્લભ છે, પણ પ્રભુ કૃપા કરે તો સુલભ થઇ જાય, અને ચરણાશરણ દૃઢ કરીને ગ્રહીયે તો પ્રભુ-કૃપા પણ જરૂર કરે. તેથીજ અત્રે કહ્યું જે ચરણકમલને ગહું એટલે દૃઢ કરીને એમનું ચરણશરણ ગ્રહણ કરૂં.

( સંપુર્ણ )

---

## હિલગનું કીર્તન.

### રાગ-બિલાવલ.

લગન મન લાગી હો લાગી ॥
કહા કરેંગે લોગ મેરો ॥
હોં પ્રીતમ રસ પાગી. (૧)

કછુ ન સુહાય જાય ન કહું મન ॥
એસ બની આઈ અનમાગી ॥
અબ ધરીયત ચિત્ત આસપાસ રહિયે ॥
રસિક પ્રીતમ બડ ભાગી. (૨)

(લગન મન લાગી હો લાગી) અર્થ–લગ્નિ એટલે સ્નેહ તે ક્યારે થાય કે અગ્નિ વિના લગ્નિ ન થાય. એ અગ્નિ કઇ કે પ્રભુવિયોગ સંબંધી તાપાગ્નિ અંતરમાં થવી જોઇએ. તો તે દ્વારા સહજ સ્નેહ અથવા અપુર્વ સ્નેહ જે પ્રભુમાં થાય તે લગ્નિ કહેવાય, તો એક વ્રજભક્ત બીજા વ્રજભક્ત

પ્રતિ કહે છે જે મારા મનને તો પ્રભુ સંબંધી લગ્નિ લાગી તે લાગી. હવે કાંઇ એ મટવાની નથી. કારણ કે પ્રભુ સંબંધી લગ્નિ એવી છે કે એ લગ્નિ જેને લાગે છે તેને પાછી કોઇ કાળે મટતી નથી. લૌકિક સ્નેહ તો કેવો હોય છે કે ક્ષણમાં ઉતરે છે અને ક્ષણમાં ચઢી જાય છે. તો તેવા સ્નેહને તો સ્નેહની ગણત્રીમાંજ નથી ગણ્યો. તે વિષે એક ભક્તજન કહે છે કેઃ—

છિનુ ઉતરે છિનુહી ચઢે સોહી પ્રેમ નહીં હોય;
નિસ વાસર ભીંજ્યો રહે પ્રેમી કહીયે સોય.

**અર્થ**—ક્ષણમાં સ્નેહ ચઢી જાય અને પાછો ક્ષણમાં ઉતરી જાય, તેને તો પ્રેમ ન સમજવો પણ રાત દિવસ પ્રેમમાં ભીંજાયલો ને ભીંજાયલો રહે તે પ્રેમી કહેવાય. માટે પ્રભુસંબંધી જે સ્નેહરૂપ લગ્નિ જેને લાગી તે લાગી તે પાછી કોઈ દિવસ મટતી નથી.

હવે પ્રથમ ચરણનું ઉત્તરાર્ધ કહે છે કેઃ—

( કહા કરેંગે લોક મેરો હોં પ્રીતમ રસ પાગી: ) એ ભક્ત કહે છે જે મારા મનને જે પ્રભુસંબંધી લગ્નિ લાગી છે તે દુનિયાંના લોકો અથવા સંસારી જનોને નહીં સોહાય; એટલે અસહ્ય લાગશે, તેથી તેઓ મારૂં શું કરી નાખવાના છે? હું તો પ્રાણપ્રીતમ અલૌકિક પતિ એવા પ્રભુના રસમાં પગી થઈ એટલે નિમગ્ન થઈ ગઇ છું. તે કેવી રીતે કે જેવી રીતે ગુડના રસમાં કીડી મળી જાય તો પછી તેમાંથી કોઈ પ્રકારથી તે નીકળી શકતી નથી, તેવી રીતે હું તો પ્રભુના રસમાં પગી ગઈ. તેથી હવે એમાંથી નીકળવાની નથી.

હવે બીજા ચરણના પુર્વાર્ધમાં કહે છે કેઃ—

( કછુ ન સોહાય જાય ન કહું મન, એસી બની આઇ અનમાગી.:) પ્રથમના ચરણમાં કહ્યા પ્રમાણે મનને પ્રભુની લગ્ની

લાગી ગઈ, તેથી પ્રભુના રસમાં હું પગી ગઈ છું. તેથી હવે મને પ્રભુ વિના બીજું કાંઈ સોહાતું નથી, અને મારૂં મન પ્રભુ વિના બીજે ક્યાંય જતું નથી. તો પ્રભુ વિના કાંઇ પણ ન સોહાવું અને પ્રભુને મુકી મન અન્યત્ર ન જવું, આના જેવી વળી ઉત્તમ દશા કઇ હોઈ શકે? કોઇજ નહીં, એજ દશા ઉત્તમોત્તમ છે. આવી ઉત્તમ દશા પ્રાપ્ત થવાને માટે ઘણાઓ તપ્યા કરે છે, અને એ દશાની પ્રાપ્તીને માટે અનેક યત્નો કરે છે છતાં તેઓને આવી દશા પ્રાપ્ત થતી નથી. કારણ કે, એ વસ્તુ સાધનસાધ્ય નથી કૃપાસાધ્ય છે. તેથી પ્રભુને હાથ છે. તો કોઇને શંકા થાય કે પ્રભુની આગળ આ વસ્તુની માગણી કરીયે તો પ્રાપ્ત થાય ત્યાં સમજવું કે માગવું એ પુષ્ટિનો ધર્મ નથી. એક કીર્તનમાં કહેલ છે જે ( માગે સર્વસ્વ જાતહે પરમાનંદ ભાંખે. ) આપણે પ્રભુસેવા કે પ્રભુભક્તિ કરી એના બદલામાં કાંઇ માગી લીધું એ તો વ્યાપાર જેવું ગણાય, જેમ પૈસા આપીને ચીજ લીધા બરાબર થાય અને સેવાનું ફલ બધું ચાલ્યું જાય, તેથીજ કહ્યું જે માગે સર્વસ્વ જાતહે, તેમજ માંગવાથી નિરપેક્ષ ભાવ જતો રહે તેમ પુષ્ટિભક્તિમાર્ગ છે તે નિષ્કામ ભક્તિમાર્ગ છે. તે માગ્યાથી સકામપણું થઇ જાય અને જીવમાગી શું જાણે એ સર્વ પ્રકારથી શરણસ્થ જીવે કોઇ પણ પ્રકારથી પ્રભુની આગળ કાંઇ પણ માંગવું ઉચિત નથી, પણ પ્રભુસંબંધી સર્વ પ્રકારના સુખની અંતરમાં ચાહના રાખવી. અંતર્યામી અંતરની જાણી સ્વઇચ્છાથી પોતાની મેળે આપણી ઇચ્છાઓથી પણ અધિક સુખ કૃપા કરીને વિના માગે આપશે. તેવીજ રીતે આ ભક્ત પણ કહે છે. પ્રભુ વિના કાંઇ ન સોહાય અને એમના સિવાય મન અન્યત્ર ન જાય. આવી દશા પ્રાપ્ત

થવી આત કઠણ છે, છતાં પ્રભુએ પોતાની ઇચ્છાથી કૃપા કરી વગર માગે આવી દશા મને પ્રાપ્ત કરી છે, તેથી કહ્યું જે ( એસી બની આઈ અનમાગી. )

બીજા ચરણના ઉત્તરાર્દ્ધમાં કહે છે:—

( અબ ધરીયત ચિત્ત આસપાસ રહિયે રસિક પ્રીતમ બડભાગી. ) આ કીર્તન શ્રીહરિરાયજીનું કરેલું છે, તે એ કીર્તનની સમાપ્તીમાં એ ભક્ત કહે છે. જે હવે તો મનમાં એવી ધારણા થાય છે, પ્રભુની આસપાસમાં જો રહેવાય તો દર્શન સ્પર્શનાદિક સર્વ પ્રકારનું તેમના સંબંધનું સુખ અષ્ટપ્રહર મળતું રહે તોજ હું બડભાગી કહેવાઉં.

( સંપૂર્ણ. )

## હિલગનું કીર્તન.

### ( રાગ—આશાવરી. )

મેરો માઇ હરિ નાગરસોં નેહ;
જબતેં દૃષ્ટિ પરે મન મોહન તબતેં બિસર્યો ગેહ. ૧
કોઉ નિંદો કોઉ વંદો મો મન ગયો સંદેહ,
સરિતા સિંધુ મિલી પરમાનંદ ભયો એક રસ તેહ. ૨

( મેરો માઈ હરિનાગરસોં નેહ ) અર્થ એક વ્રજભક્ત કહે છે જે હે માઇ મારો તો હરિનાગર એવા પ્રભુની સાથે સ્નેહ છે, કારણ કે સ્નહે કરવા લાયક પ્રભુજ છે કારણ કે સ્નેહને જાણનાર કે નિભાવનાર પ્રભુજ છે, તે વિષે પંચામૃતમાં કહેલ છે કે (જગ

ઢૂંઢયો કોઉ ના મિલ્યો નિભે અંતલોં પ્રીત, લોભી ચામ ઓર દામકે કહા જાને રસ રીતી )

**અર્થ**--જગતમાં ખોજના કરતાં અંત સુધી પ્રીતીને નિભાવે તેવો કોઈ ન મળ્યો. કારણ કે સંસારીજનોનું સ્નેહ સ્વારથવાળું દામ અને ચામના લોભવાળું હોય છે તો તેઓ પ્રભુ સંબંધી સ્નેહને શું જાણી શકે માટે પ્રભુ સંબંધી સ્નેહ છે તેજ રસરૂપ સર્વોપર પદાર્થ છે. તેથી એ વ્રજભક્ત કહે છે જે હરિ નાગર એવા પ્રભુ સાથે મેં સ્નેહ કર્યો અને પ્રભુ સાથેનું સ્નેહ કેવી સર્વોપર વસ્તુ છે કે તે થતાની સાથ કેવી ઉત્તમ દશા થઈ જાય છે તે એ પ્રથમ ચરણના ઉત્તરાદર્ધમાં વર્ણન કરે છે કે ( જબતેં દૃષ્ટિ પરે મનમોહન તબતે બિસર્યો ગેહ ).

**અર્થ**—પ્રભુ કેવા છે તે પ્રથમ કહે છે જે એકાદશ ઇંદ્રિયનો મન રાજા છે તેને પણ પ્રથમ આપ મોહી લેનારા છે અને જ્યારે મન જાય તો મનની સાથે સર્વ ઇંદ્રિયો પણ આપમાં જાય છે તો તે કાર્યને સૂચવનારૂં આપનું નામ મનમોહન અત્રે કહેલ છે. તો એવા મનમોહન જ્યારથી દૃષ્ટિયે પડયા ત્યારથી ગૃહાદિક ( બિસર્યો ) એટલે વિસ્મરણ થઇ ગયું. અર્થાત તેનું સ્ફુરણજ ન રહ્યું. સ્ફુરણ તો જેમની સાથે સ્નેહ કર્યો છે તેનુંજ હોવું જોઇએ. તે પણ કેવી રીતે કે ગૃહાદિક જે પ્રપંચ રૂપ છે તેની તો વિસ્મૃતીજ ઉચિત છે. તો આ વ્રજભક્ત પણ કહે છે જ્યારથી દૃષ્ટિએ કરીને પ્રભુને મેં દીઠા ત્યારથી ગૃહાદિક પ્રપંચનું વિસ્મરણ થઈ ગયું અને આપમાં સ્નેહ થયો એ બન્ને અપુર્વ લાભ મને થયા અથવા એવી ઉતમોત્તમદશા મને પ્રાપ્ત થઈ હવે એ કીર્તનના બીજા ચરણના પુર્વાર્ધમાં

કહે છે કે ( કોઉ નીંદો કોઉ વંદો મો મન ગયો સંદેહ ) અર્થ—પ્રભુ સંબંધમાં કોઈ સ્થળે પણ સંદેહ યુક્ત ન રહેવું કારણ કે ગ્રંથાદિકને વિષે આપે કહેલ છે કે ( સંશયાત્માવિનસ્યતિ ) સંશય યુક્ત જેની આત્મા છે તે નાસ પામે છે માટે ભગવદ્દસંબંધમાં સંશય કોઈ ઠેકાણે ન કરવો. નિ:સંદેહ રહેવું જ્યાં સુધી માણસ સંદેહ અથવા સંશયયુક્ત છે ત્યાં સુધી તેને નિંદા સ્તુતિની પરવા રહે છે પણ જેના મનનો સંદેહ નિવૃત્ત થઈ જાય અને જે સંદેહથી રહિત નિ:સંદેહ થઈ જાય છે તેને નિંદા સ્તુતિની કાંઈ પરવા રહેતી નથી, તેથીજ આ ઉપલા ચરણમાં કહ્યું છે જે મારા મનનો સંદેહ ગયો એટલે નિવૃત્ત થઇ ગયો. હવે મારી કોઈ નિંદા કરો અથવા સ્તુતિ કરો ગમે તે કરો તેની મને દરકાર નથી.

હવે એ કીર્તનના બીજા ચરણના ઉતરાર્ધથી પરમાનંદદાસજી એ કીર્તનની સમાપ્તિ કરે છે જે ( સરિતા સિંધુ મીલી પરમાનંદ ભયો એક રસ તેહ. )

**અર્થ:**—સરિતા કહેતાં નદિનો પ્રવાહ હંમેશાં પોતાના પતિ એવા સાગર તરફજ વહ્યા કરે છે અને જઇને તેના રસમાં મળી જાય છે તેમ આપણો પ્રેમનો પ્રવાહ પણ નિર્જર વહીને પ્રભુમાં મળી જવો જોઇએ એવી રીતે આ કીર્તનના કરતા પરમાનંદદાસજી કહે છે તો આ ઠેકાણે સરિતા સિંધુનું દ્દષ્ટાંત કેમ દીધું છે એમ જાણવાની ઇચ્છા થાય તો જાણવાનું કે પ્રભુ છે તે અલૌકિક સિંધુ અથવા સાગર રૂપ છે અને ગોપીજન પ્રેમની નદી રૂપ છે એવી ઉપમા રાસ પંચાધ્યાયીમાં નંદદાસજીયે આપેલી છે તે વિષે રાસ પંચાધ્યાયીમાં નંદદાસજીએ કહેલ છે કે:—

( આય ઉમંગસોં મિલિ રંગીલી ગોપ વધુ અસ ॥ નંદ સુવન સુંદર સાગર સોં પ્રેમ નદી જસ ) અર્થ રંગીલી એવી ગોપીજનો ઉમંગથી આવીને પ્રભુને એવી રીતે મળી કે નંદરાયજીના પુત્ર રૂપ સુંદર સાગરની સાથે પ્રેમની નદી મળે તેમ મળી તો આ કીર્તનની સમાપ્તિમાં તેજ અભિપ્રાય લખેલો છે કે ( સરિતા સિંધુ મિલી પરાનંદ ભયો એક રસ તેહ ) એટલે સરિતા સાગરમાં મળીને તેના રસમા એક રસ થઈ જાય તેમ આ ભક્ત કહે છે કે મારો સ્નેહ પ્રભુમાં જઈ મળીને એક રસ થઈ ગયો છે.

સમાપ્ત